Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# आत्मानन्द प्रकाश

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थपरिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक ११ ] वीर संवत् २४४०, कार्तिक. आत्म संवत् १८ [ अंक ४ थो.

॥ ॐ ॥

## वर्षारंभे रत्नत्रयी आराधवार्थे प्रेरणा.

( શાર્દૂલ વિક્રીડિત. )

વંદો વીર જિનેંદ્રને ભવિ તુમે આએ નવા વર્ષમાં;
સેવો આતમારામ ગુરૂ ઘટથી આજે અતિ હર્ષમાં;
આરાધો જિન ધર્મને હૃદયથી માર્ગાનુંસારી થઇ,
દર્શાવે દર માસિક અરે! વ્યાપોજ રત્નત્રયી.

( જિજ્ઞાસુ ઉમેદવાર )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સદ્ભાવના એજ અનુપમ શાન્તિ સમર્પનારી સાચી કલ્પલતા છે.

[ વસંતતિલકા. ]

१ यस्याशयं श्रुत कृतातिशयं विवेक ॥
पीयूष वर्ष रमणीय रमं श्रयन्ते ॥
सद्भावनाः सुरलता नहि तस्य दूरे
लोकोत्तर प्रशम सौख्य फल प्रसूतिः ( शान्त सुधारसे )

શ્રુતજ્ઞાનના ચિર પરિચય ( અભ્યાસ ) થી સુસંસ્કારિત થયેલા અને સત્યાસત્યના પ્રકાશ આત્મક વિવેકરૂપ અમૃતની વૃષ્ટિથી અત્યંત યોગ્યતાવંત ( ભવ્ય શોભાવંત ) થયેલા જેના આશય ( અંતઃકરણ ) માં સદ્ભાવનારૂપી સુરલતા ઉગી નીકળે છે ( પ્રગટ થાય છે ) તે શુભાશયને લોકોત્તર ( અનુપમ ) શાન્તિ જનિત સુખરૂપ ફળની પ્રાપ્તિ દૂર નથી; પરંતુ નજદીકજ છે. મતલબ કે જ્ઞાનીનાં સુક્ત વચનનું શ્રવણ–મનન કરવાથી જેના હૃદયમાં સદ્વિવેક જાગ્યો છે અને એથી જે ખરૂં ખોટું, હિત અણહિત ગુણ દોષને સારી રીતે સમજી હિતકર ખરા ગુણનેજ આદરવા ઉજમાળ થયો છે અર્થાત્ હૃદયની અશાન્તિના કારણ સમજી તેને દૂર કરવા અને ખરાં શાન્તિનાં કારણ અંગીકાર કરવા જે ઉજમાળ–સાવધાન બન્યો છે અને એ રીતે અનુક્રમે સ્વહૃદયની શુદ્ધિ થાય એવી ઉત્તમ ભાવનાઓ–મૈત્રી, મુદિતા, કરૂણા અને મધ્યસ્થતા–સાક્ષાત્ કલ્પવેલીની જેવી જેના પવિત્ર હૃદયમાં પ્રગટી નીકળી છે તેને પરમ શાન્ત રસનો સાક્ષાત્ અનુભવ થવો દુર્લભ નથી. પણ સુલભજ છે. જેમ ખેડાણ કરી ખાતર નાંખી સંસ્કારિત કરેલી કાળી ભૂમિમાં પુષ્કળ વર્ષાદના યોગે બીજ વપન કરવાથી મનમાનતો પાક નીપજે છે. તેમ અત્ર ભાવવું. ઇતિશમ્.

( કર્મગ્રંથ–ટીકાનુસારે )

## વિઘ્ન યાને અંતરાય કર્મનું સ્વરૂપ.

वि–विशेषण, हन्यते–तद्दानादि लब्धयो विनाश्यन्तेऽनेनेति विघ्नमन्तरायकर्म.

વિશેષે કરીને દાનાદિક લબ્ધિઓ–શક્તિઓ હણાય છે—વિનાશ પમાડાય છે આના વડે તેનું નામ વિઘ્ન અથવા અંતરાય કર્મ છે. તેના પાંચ પ્રકાર છે. **૧ દાનાંત-**

૧ શાન્ત સુધારસ નામના પુસ્તકમાં પૃષ્ટ ૮ મે શ્લોક પાંચમામાં થયેલી અર્થ સ્ખલના દૂર કરવાના આશયથી ઉપરનો શ્લોક સાર્થ તેની મતલબ સહિત અત્ર આપવામાં આવ્યો છે. તેમાં સદ્ભાવના અને સુરલતાનું રૂપક છે. તે શુદ્ધ–પવિત્ર આશયમાંજ પ્રગટ થાય છે અને અલૌકિક–પારમાર્થિક–અવિહડ વૈરાગ્ય–અનાસક્તિ–ઉદાસીનતારૂપ ઉત્તમ ફળને પ્રસવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**રાય, ૨ લાભાંતરાય, ૩ ભોગાંતરાય, ૪ ઉપભોગાંતરાય** અને **૫ વીર્યાંતરાય.**

તે દરેક પ્રકારનું સ્વરૂપ નીચે પ્રમાણે કહ્યું છે.

દાન–દેવા યોગ્ય વસ્તુ વિદ્યમાન છતાં અને ગુણુવંત પાત્ર ( સુપાત્ર ) લેવા આવ્યા છતાં અને દાનનું ફળ જાણુતા છતાં પણ જે કર્મના ઉદયથી દઇ ન શકાય તે **દાનાંતરાય કર્મ** જાણુવું.

જે કર્મના ઉદયથી દાતા ઉદાર છતાં અને દેવા યોગ્ય વસ્તુ વિદ્યમાન છતાં યાચના કરવામાં કુશળ એવો પણુ યાચક વસ્તુ મેળવી ન શકે તે **લાભાંતરાયકર્મ** જાણવું.

જેના ઉદયથી વિભવાદિ હોવા છતાં, અને આહાર પુષ્પ માલ્યાદિક પોતાની પાસે હાજર છવાં વિરતિહીન પણુ પોતે તે ભોગવી શકે નહીં તે **ભોગાંતરાય કર્મ** જાણવું.

જેના ઉદયથી વસ્ત્ર, અલંકારાદિક વિદ્યમાન છતાં તેનો ઉપભોગ કરી ન શકાય તે **ઉપભોગાંતરાય કર્મ** જાણવું. અને જેના ઉદયથી બળવાન, નીરોગી, અને યુવાન છતાં કંઇ નજીવું પણુ કાર્ય કરી શકે નહીં. તે **વીર્યાંતરાય કર્મ** જાણવું.

પ્રભુ પૂજા, સદ્દગુરૂ સેવા અને સદ્ધર્મ આરાધનમાં અંતરાય કરવાથી તેમજ હિંસાદિક અકાર્યો કરવા–કરાવવાથી ઉક્ત કર્મ ( નિકાચિતપણે ) બંધાય છે, જેનાં બહુજ કટુક ( કડવાં ) ફળ પ્રાણીઓને ભવચક્રમાં ભમતાં વેઠવાં પડે છે. પરંતુ જે ભવ્યાત્માઓ શુદ્ધ દેવ, ગુરૂ, ધર્મનું યથાવિધિ આરાધન ઉલ્લસિત ભાવથી કરે છે. સત્ કાર્યમાં અન્ય જનોને સહાય દે છે તેમજ તેવાં સત્ કાર્યની અનુમોદના કરે છે તે શુભાશયો અંતરાય કર્મનો ક્ષય કરી અનુક્રમે અક્ષય સુખને પામી શકે છે.

इतिशम्

લેખક,

**મુનિ મહારાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.**

---

# ધર્મ.

સમગ્ર સંસાર ધર્મના વિષયમાં ઘણું કથન કરે છે. પ્રત્યેક ધર્મ–શિક્ષક ધર્મ ગ્રહણ કરવા માટે આગ્રહ કરે છે. પ્રત્યેક ધર્મોપદેશક ઉપદેશ આપે છે કે, દરેક પ્રાણીએ ધર્મ–પથપર ચાલવું જોઇએ. આવી રીતે ધર્મ એક ઘણું અગત્યનું, અને અવશ્ય કરવા લાયક કર્તવ્ય છે. એટલા માટે દરેક ધર્મેચ્છુએ ‘ ધર્મ શું છે ? ’ એ અવશ્ય સમજવું, અને જાણુવું જોઇએ.

દ્રવ્યનો સ્વભાવ ધર્મ કહેવાય છે. દ્રવ્યનો જે કોઇ સ્વભાવ છે તેજ તેનો ધર્મ છે. જો દ્રવ્ય સ્વ–સ્વભાવની મર્યાદા–હદમાં પ્રવર્ત્તે છે, તો, કહેવાશે કે, તે પોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિજ–ધર્માનુસાર આચરણ કરે છે. આનાથી વિપરીત, અર્થાત્ દ્રવ્ય પોતાના સ્વ–ભાવાનુસાર નહિ પ્રવર્ત્તે, અથવા દ્રવ્યનો સ્વભાવ ખરાબ હાલતમાં હોય, યા દૂષિત અવસ્થામાં હોય તો, કહેવાશે કે, તે સ્વ સ્વભાવ–નિજ–ધર્મ વિરૂદ્ધ આચરણ કરે છે.

આપણે અહીંયા વિચારવું જોઇએ કે, આત્માનો સ્વભાવ શું છે? જૈન શાસ્ત્રોમાં આત્માના સ્વભાવ જ્ઞાન કથન કરેલ છે. સર્વકાલ, તથા સર્વ સ્થાનમાં રહેલા સઘળા પદાર્થોનું યથાર્થ પણે જાણવું, અર્થાત્ 'સર્વજ્ઞતા' એ આત્માનો યથાર્થ સ્વભાવ છે. પરંતુ સંસારી આત્માનું જ્ઞાન બહુજ મર્યાદિત–ટુંકું છે, અને તે પણ ઇન્દ્રીઓ ઉપરજ નિર્ભર છે, અર્થાત્ ઇન્દ્રીઓને આધીન છે. જો કે આત્માનો વાસ્તવિક ધર્મ પરમાત્મ–સ્વરૂપજ છે, પરંતુ સંસારી આત્મા પોતાના શુદ્ધ–સ્વરૂપથી પતિત થયેલો છે, તેથી તેનો ઉદ્દેશ તે શુદ્ધ–સ્વરૂપને પ્રાપ્ત કરવાનો હોવો જોઇએ. કેટલાંક નિયમો આવાં છે કે, તેમની અનુસાર આચરણ કરવાથી આત્માને શુદ્ધ–સ્વભાવ પ્રાપ્ત કરવામાં તેઓ મદદ કરે છે. જેમ કારણ પણ તજજનિત ફળ, અર્થાત્ કાર્યના નામથી ઓળખવામાં આવે છે, તેમ, તે નિયમો પણ–જેમની અનુસાર આચરણ કરવાથી આત્માનિજ–સ્વભાવને પ્રાપ્ત થાય છે—ધર્મ કહેવાય છે. આ પ્રકારે આત્માનો મૂળ ધર્મ છે પરંતુ કારણ પણ–જેની મદદથી આત્મા–મૂળ–સ્વભાવ મેળવે છે.—વ્યવહારથી ધર્મ કહેવાય છે. એટલા માટે વ્યવહારથી ધર્મની વ્યાખ્યા આ પ્રમાણે કરી શકાય કે, જે વિચાર, વચન અને કાર્ય આત્માને સ્વ–સ્વભાવ તરફ આકર્ષિત કરે, તે, 'ધર્મ' છે. અથવા ધર્મ તે, છે કે, જે આત્માને નિજ–સ્વભાવની સમીપમાં પહોંચાડે. એનાથી વિપરીત વિચાર, વચન અને કાર્ય–જે આત્માને નિજ–સ્વભાવથી વિમુખ કરે– તે 'અધર્મ' છે. અર્થાત અધર્મ તે, છે કે, જે આત્માને નિજ–સ્વભાવથીદૂર કરે.

આત્મા સ્વતઃ એક જ્યોતિર્મય આવો પદાર્થ છે, કે, તેમાં જગત્‌ના સર્વ પદાર્થો પોતાના સઘળાં પર્યાયો, અને ગુણો સહિત દેખી શકાય છે, પરંતુ આ આત્મા સંસારમાં સદા–અનંતકાળથી કર્મમલવડે મલીન થઇ રહ્યો છે, અને ભાવ કર્મના આક્રમણથી ડગમગી રહ્યો છે, તેથી તેમાં કાંઇ પણ સ્પષ્ટ પણે દેખાતું નથી. જ્યારે પાણી ગાદળું થઇ જાય છે, ત્યારે તેમાં મુખ યા અન્ય કોઇ પણ વસ્તુ દેખી શકાતી નથી, જ્યારે સમુદ્ર–દરીયામાં ચંચળ લહેરો ઉચ્છાળા મારે છે, ત્યારે તેમાં કાંઇ પણ જોઇ શકાતું નથી. એજ હાલ આ આત્માનો છે, દ્રવ્ય કર્મ અને ભાવ કર્મની અસરથી આત્મા સદાથી ધુંધળો થઇ રહેલો છે. ખરૂં કહીએ તો સંસારી આત્મા રાગ, દ્વેષ, અને મોહરૂપ શિકારીઓનો શિકાર થઇ રહેલો છે, અને પોતાનો તથા અન્યનો મૂળ–સ્વભાવ શું છે? એ ભૂલી ગયો છે. રાગ અને દ્વેષ તેને દુઃખી અને વ્યાકુલ બનાવી રહ્યા છે. ક્રોધ, માન, માયા અને લોભ તેને સુખ–શાંતિનો લાભ લેવા નથી દેતા. જ્યારે રાગ, અને દ્વેષ કમ થાય છે, ત્યારે આત્મામાં સુખ–શાંતિનો વિકાસ થાય છે, અને તેનું જ્ઞાન વૃદ્ધિ પામે છે, જે કોઇ આત્મામાંથી જ્યારે રાગ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને દ્વેષ સર્વથા નાશ પામે છે. અનાદિ કાળથી બંધનમાં બાંધી રાખનાર જ્ઞાનાવરણીયાદિ કર્મોનો સંહાર થાય છે, ત્યારે, તે સર્વજ્ઞ થઇ, પરમાત્મ પદ પ્રાપ્ત કરે છે, જે, તેનો અંતિમ ઉદ્દેશ હોય છે. કોઈ પણ સંસારી આત્મા એ અંતિમ ઉદ્દેશને ત્યાં સુધી નથી પહોંચી શકતો, જ્યાં લગી તે રાગ, દ્વેષ અને મોહરૂપ મહા શિકારી શત્રુઓનો સંહાર ન કરી શકે ! અને સુખ–શાંતિ પ્રકટ ન થાય.

આ પ્રકારે એક વ્યક્તિએ વિચાર, વચન, અને કાર્યોદ્વારા પોતાનેમાટે આ પ્રમાણે આચરણ આચરવું જોઇએ, કે જેનાથી, તેને સુખ અને શાંતિ પ્રાપ્ત થાય, તથા આત્માના શુદ્ધ–સ્વભાવ, અર્થાત્ પરમાત્મ-સ્વરૂપને પહોંચી શકાય. એ પ્રકારના આચરણને સામાન્યપણે પુણ્ય કહેવામાં આવે છે. અને એનાથી વિપરીત કાર્ય કરનારને પાપ. આ કારણ પુણ્ય–અને પાપની સામાન્ય વ્યાખ્યા આ પ્રમાણે કરી શકાય છે—જે આત્મામાં રાગ, દ્વેષ, મોહ, ક્રોધ, માન, માયા, અને લોભને કમ કરે, અને સુખ તથા શાંતિની વૃદ્ધિ કરે તે ' પુણ્ય ' છે. એનાથી વિપરીત જે રાગ, દ્વેષ મોહાદિની વૃદ્ધિ કરે, તથા સુખ અને શાંતિને ઘટાડે તે 'પાપ '.

આ સંસારમાં આત્માને એક એવી યાત્રા—સફર કરવાની છે, કે જેનો અંતિમ ઉદ્દેશ ' પરમાત્મ–સ્વરૂપ ' થવું છે. જેટલો જેટલો આત્મામાં રાગ, દ્વેષ, અને મોહ ઘટે છે, તેટલો તેટલો નિજ–સ્વભાવ–જ્ઞાન વધે છે, અને તેમ તેમ આત્મા પરમાત્મ પદની પાસે પહોંચતો જાય છે. આનાથી વિપરીત, જેટલો જેટલો આત્મા રાગ, દ્વેષમાં ડૂબતો જાય છે, તેમ તેમ તેનો જ્ઞાન-ઘન નાશ પામતો જાય છે; અને ઈશ્વરત્વના મહાન્ ઐશ્વર્યશાલી પદથી અધિક પતિત થતો જાય છે.

આ પ્રકારે વિચાર, વચન, અને કાર્ય–જે આત્માની એ મહાન્ મુસાફરીને નિર્વિઘ્નપણે ખતમ કરવામાં, અને પરમાત્મ–પદની સમીપવર્તી, પહોંચવામાં, મદદગાર છે—તે પુણ્ય, યા–' ધર્મ ' ને નામે ઓળખાય છે. આનાથી વિપરીત—ઉલટું વિચાર, વચન, અને કાર્ય—જે આત્માની એ યાત્રામાં વિઘ્ન નાખી, પરમાત્મ–પદથી પરાઙ્મુખ કરાવે છે—તે ' પાપ ' યા ' અધર્મ ' કહેવાય છે. અધર્મ અને ધર્મની જાચ કરવાની આ સાધારણ રીતિ છે. પરંતુ એ યાત્રા પાર કરવી અત્યંત કઠિન છે. અનંત શક્તિનું સામર્થ્ય ધરાવનાર, પણ કર્મરૂપ ફાસામાં ફસાએલ હોવાથી, આ દીન આત્માને એ યાત્રા એકદમ કરવી અશક્ય નહિં તો, મુશકિલ તો અવશ્ય છેજ.

આત્મા રાગ, અને દ્વેષને—જેમાં તે આટલા દીર્ઘ કાલથી ખૂચી રહેલો છે—એકદમ પૂર્ણપણે નથી છોડી શકતો, પરંતુ આ કાર્ય તે ધીમે ધીમેજ કરી શકે છે. આ સંસારમાં ભિન્ન ભિન્ન આત્માઓએ ભિન્ન ભિન્ન સીમા લગી, ઉન્નતિ કરી છે, તેથી, તેઓ પોતાની ઉન્નતિની સીમા–હદના અનુસારેજ ધર્મ—પથ ગ્રહણ કરી શકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. જો તમે તેમને—જેઓએ નીચી હદ સુધીજ ઉન્નતિ કરી છે, અને પોતાના આત્માને આટલો ઉન્નત નથી કર્યો, કે જેથી તેઓ તેને સુષ્ઠુપણે સમઝી શકે—ઉચ્ચ ધર્માચરણનો ઉપદેશ આપશો તો ' પરિણામ એ આવશે કે—તેઓ તેને ગ્રહણ નહિ કરી શકશે, અને કલેશ તથા અડચણો વેઠી, અંતે તેઓ સહુથી ખરાબ સ્થિતિમાં સ્થાપન થશે. એટલા સારૂ આવા મનુષ્યોના માટે નિમ્ન શ્રેણીની શિક્ષા આપવામાં આવી છે કે, જે ધીમે ધીમે તેમની શકિતને વધારે છે, અને તેમને અધિક ઉચ્ચ—ધર્મના અધિકારી બનાવે છે. આ પ્રકારનો ધર્મ યદ્યપિ સામાન્યપણે તો એકજ છે. પરંતુ જેઓ તેને ધારણ કરવાની ઇચ્છા કરે છે, તેમની વિશેષ-શકિતઓ તથા અવસ્થાઓના કારણથી તે અનેક પ્રકારનો કહેવાય છે, અને પ્રત્યેક વ્યક્તિ પોતાના માટે નિજ—પરિણામોની વૃદ્ધિ, તથા તરક્કીના અનુસારે તે ( ધર્મ ) ને નિમી લે છે. ધર્મ પરમાત્મ—સ્વરૂપ સુધી પહોચવા માટે એક પ્રકારની નિસરણી છે. સંસારી આત્મા એકદમ સહુથી ઉંચી પાયરીપર નથી ચઢી શકતો, તેને ઠેઠ ઉપર પહોંચવા માટે એક એક પાયરી ચઢવી પડે છે. જે આત્મા સહુથી ઉપરની પાયરી ઉપર ચઢી ગયો હોય, તેને જો પાંચ પાયરી નીચે ઉતરવું પડે તો, તે, તેની અવનતિ થઇ કહેવાય છે, પરંતુ નીચે રહેલો પ્રાણી જો પાંચ પાયરી ઉપર ચઢે તો, તે, તેની ઉન્નતિ છે. એ પ્રકારે સઘળા જીવો માટે તે (એક)જ ધર્મ નથી થઇ શકતો, પરંતુ તેમની શકિત અને અવસ્થાના અનુસારે કઇ પ્રકારના જુદા જુદા ધર્મો હોવા જોઇએ, કારણકે સંસારી આત્મા ભિન્ન ભિન્ન આધાર ઉપર અવલંબી, ઉન્નતિ કરી રહ્યા છે, માટે સઘળાનો તે (એક)જ પ્રકારનો ધર્મ નથી થઇ શકતો. ધર્મની કસોટી જે આત્માને નિજ-સ્વભાવ પ્રાપ્ત કરાવવામાં, તથા પરમાત્મપદની પાસે પહોંચાડવામાં સહાયક છે—જોકે સઘળા ઠેકાણે તેજ છે, પરંતુ ધર્મના ખાસ (વિશેષ) કાર્ય, પદ, અને આધારો—જેમની ઉપર ભિન્ન ભિન્ન આત્માઓ ચાલી રહ્યા છે-તે કઇ પ્રકારના હોવા જોઇએ. એજ સાચા સિદ્ધાંત-ઉપરથી અર્હત્ પરમાત્માએ, પ્રથમ ધર્મના બે વિભાગો કર્યા, અર્થાત સાધુધર્મ. અને ગૃહસ્થ ધર્મ, આ બે ધર્મોના પણ કેટલાએક ભાગ કરવામાં આવ્યા છે,કે, જેનાથી પ્રત્યેક—વ્યક્તિ—દરેક આત્મા સ્વ સ્વ શક્તિ અને અવસ્થાઓના અનુસારે, સારી રીતે શુદ્ધ—ધર્મનું પાલન કરી શકે, કે જેના પ્રતાપે અંતિમ ઉદ્દેશ જે પરમાત્મપદ પ્રાપ્ત કરવાનો છે, તેને પ્રાપ્ત કરી આત્માનો નિજ-સ્વભાવ જે પરમાત્મ સ્વરૂપ છે, તેમાં લીન થાય !

શમ્ ! શમ્ ! શમ્ !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિતર્ક થકી શું ધર્મ પ્રાપ્તિ થઈ શકે છે?

## वितर्के वशतोऽपि धर्मः

## લેખક—મુનિ મણિવિજયજી મુ. લુણાવાડા.

પ્રિય બાંધવ, વિચાર, શબ્દની શકિત મહા અલૌકિક છે. વિચારશીલ માણસ કોઇ દિવસ વિરૂદ્ધ આચરણ કરતો નથી. વિચારીને કરેલું કાર્ય મહાફલદાયક થઇ શકે છે. જ્યાં વિચાર છે ત્યાં જ્ઞાન અને ધર્મ છે, જ્યાં વિચાર નથી ત્યાં જ્ઞાન અને ધર્મ નથી. વિચારથીજ વિતર્ક એટલે તર્ક વિતર્ક ઇહાપોહ થઇ શકે છે પણ જ્યાં વિચારજ નથી, ત્યાં ઉપર કહેલ એક પણ નથી. કોઇ દિવસ વિતર્ક થકી પણ ધર્મની પ્રાપ્ત થાય છે.

॥ चंडरुद्राचार्यशिष्यवत् द्वयोरपिकेवलज्ञानम्. ॥

**ભાવાર્થ**—વિતર્ક પણાના વશવર્ત્તિપણાથી ચંડરૂદ્રાચાર્ય તથા તેમના શિષ્ય બન્નેને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું.

### यतः

केइसुसीला सुहमाय, सज्जनागुरुजणस्सविसुसीसा,
विउलंजणंतिसुद्धिं, जहसीसो चंडरुद्दस्स. ॥ १ ॥

**ભાવાર્થ**—કોઇ સારા શીયલ સ્વભાવવાળા તથા સારા ધર્મ વાળા તથા સજ્જન વર્ગમાં પંકાયેલા એટલે સારા સજ્જન જે હોય તે ગુરૂજનના પણ સારા શિષ્યો થઈ રહે છે, એટલુંજ નહિ પણ ગુરૂ જનને પણ મોટા પ્રકારની શુદ્ધિને ઉત્પન્ન કરાવી મહા લાભના આપનારા થાય છે. જેમ ચંડરૂદ્રચાર્યના શિષ્યે પોતાના ગુરૂ ચંડરૂદ્રાચાર્યને મહાન્ શુદ્ધિ ઉત્પન્ન કરાવી તે નીચે મુજબ છે.

## દૃષ્ટાંતો યથા.

ઉજ્જયની નગરીને વિષે ચંડરૂદ્રાચાર્ય નામના આચાર્ય અત્યંત ક્રોધી હતા. તે મૂળ પ્રથમથીજ પ્રકૃતિ થકી ક્રોધી હતા અને તેથીજ તે સાધુઓથી જુદા વસતા હતા. કારણ કે સાધુ સાથે વસવાથી ક્રોધ થાય માટેજ જુદા વસતા હતા. એવા અવસરે અન્યદા શ્રેષ્ટિ પુત્ર નવીન પાણિગ્રહીત (પરણેલો) મિત્ર સહિત ત્યાં આવ્યો અને સાધુને વાંદ્યા. તે વખતે ક્રિડા છે પ્રિય જેને એવા મિત્રોએ સાધુઓને કહ્યું કે આ માણસને દિક્ષા આપો. સાધુઓએ પણ તે લોકોને ઠઠ્ઠા મશ્કરી કરનારા ગણી ગુરૂ મહારાજને દેખાડીને કહ્યું કે જાઓ તે અમારા ગુરૂમહારાજ દિક્ષા આપશે. ગુરૂ પાસે જઇ તે લોકોયે કહ્યું કે આને દિક્ષા આપો. તે અવસરે રોષથી ગુરૂયે કહ્યું કે રક્ષા (રાખોડી) લાવો. મિત્રોયે હાસ્યથી રક્ષા લાવી આપવાથી ગુરૂયે પોતાના બે પગ વચ્ચે તેમનું મસ્તક જોરથી દબાવી લોચ કર્યો. આવો દેખાવ દેખવાથી મિત્રો વિગેરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વજન વર્ગના ભયથી વિલક્ષણ થઇ ઘરે ગયા. આ સમયે નવદિક્ષિત વિચાર કરે છે કે અહો ભાવથી તો દિક્ષાના પ્રણામ નહોતા–પણ હાસ્યથી પણ ચારિત્ર લીધું (લોચ- થયો ) તો હવે યાવતૂજીવ ચારિત્ર–હો ! એમ નિશ્ચય કરી ગુરૂ મહારાજને કહ્યું કે હે ભગવાન્ આ વૃત મેં બાળક્રીડાથીજ લીધેલું છે તે અખંડ રહો; પરંતુ બીજે સ્થાને ઇંહાંથી જવાની જરૂર છે, કારણ કે--મહારા બંધવ આદિ સ્વજન વર્ગ જાણશે તો હેરાન કરશે. ગુરૂ કહે કે હું રાત્રિયે દેખતો નથી માટે તું જઇને માર્ગ જોઇ આવ. તેણે તેમ કર્યુંકે જેથી બન્ને જણા રાત્રિમાં ચાલ્યા. રાત્રિયે ઉંચનીચ માર્ગને લીધે રસ્તાના અંદર ચાલતા સ્ખલના થવાથી ગુરૂ રોષારૂણ થઇ કહે છે, રે! રે! દુષ્ટ શૈક્ષિક ( નવીન- શિષ્ય ) તેં આવો રસ્તો જોયો છે કે. ઇત્યાદિ વચનો વડે તર્જના કરી નવીન શિષ્યના મસ્તક ઉપર દંડનો પ્રહાર કર્યો, તે અવસરે–દંડ વડે કરી હણાયેલો ચિંતવે છે હા ! હા ! ધિતિખેદે મંદ ભાગ્યના ધણી એવા મેં આ મહાત્માની દુર્દશા કરી. આવી રીતે આત્મનિંદા કરતા સંવેગ રંગ ઉત્પન્ન થયો. વારંવાર તાડના કરવાથી શુકલધ્યાન પ્રાપ્ત થયું. અનેક્ષપકશ્રેણિ ઉપર આરોહણ થઇ કેવલજ્ઞાન પામ્યા.

હવે કેવળજ્ઞાનના પ્રાપ્ત થવાથી જ્ઞાન વડે કરી સરલ માર્ગે ચાલવા માંડયા. પ્રભાતે સૂર્ય ઉદય થયે છતે, મસ્તક થકી રૂધિર ઝરવાથી રૂધિરખરડેલ મસ્તકને દેખી સૂરિ વિચારે છે, અહો આજનો દિક્ષિત શિષ્ય તેને પણ મહા ક્ષમા રહી છે. દંડ અને વચન વડે કરી તાડના તર્જના કરેલાને લેશ માત્ર ક્રોધ નથી અને એકાંત રીતે ક્ષમાજ છે, છતાં હું ઘણા કાલનો દિક્ષિત છું તો પણ મને લેશ માત્ર ક્ષમા નથી. ધિક્કાર છે મહારા પાપી આત્માને. જ્ઞાની મહારાજે ક્રોધ મહા પાપિષ્ટ કહેલો છે.

## यतः

क्रोधोमूलमनर्थानां, क्रोधः संसार वर्द्धकः
धर्मः क्षयकरः क्रोध, स्तस्मात्क्रोधो विवर्जयेत् ॥ १ ॥

**ભાવાર્થ**—ક્રોધ અનર્થનું મૂલ છે, ક્રોધ સંસારને વૃદ્ધિ કરનારો છે, ક્રોધ ધર્મ ને ક્ષયકરવા વાલો છે. એવું જાણી ક્રોધનો ત્યાગ કરવો તેજ સારભૂત છે.

**વિવેચન**—પરને ઉદ્વેગ ને સંતાપ કરવા વાળો ક્રોધ છે, વૈરની પરંપરાને વૃદ્ધિ કરનારો છે, ક્રોધ સદ્દગતિને હણનારો છે, ક્રોધથી મહાપુરૂષો પણ વ્રતથી તથા ધર્મથી પડેલા છે, ક્રોધાગ્નિ–વ્રત, તપ, જપ, પ્રત્યાખ્યાન, ક્રિયાકાંડ, સર્વને ક્ષણ માત્ર માં બાળીને ભસ્મ કરી દે છે અને દુર્ગતિના અંદર, લઈ જઇને નાખે છે. આવો આ ભવ પરભવ તથા ભવોભવ રખડાવનારો ક્રોધ મેં આટલી આટલી વૃદ્ધ અવસ્થા થઇ તો પણ ત્યાગ કર્યો નહિ. તો મહારા આત્માને ધિક્કાર છે, અને ક્ષમાશીલ આ નવીન શિષ્યને ધન્ય છે. કહ્યું છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



यतः

क्षांतिरेवजगद्वंद्या, क्षांतिरेवजगद्धिता,
क्षांतिरेवजगज्जेष्टा, क्षांतिः कल्याण दायिका. ॥ १ ॥

**ભાવાર્થ**—ક્ષમા જગતવંદ્ય છે, ક્ષમા જગતને હિતકરનારી છે, ક્ષમા જગતને વિષે મોટામાં મોટી છે ક્ષમા કલ્યાણને આપવાવાળી છે.

**વિવેચન**—ક્ષમા તેજ પરમ દાન છે, ક્ષમા તેજ પરમ તપ છે, ક્ષમા તેજ પરમ જ્ઞાન છે, ક્ષમા તેજ દયા છે, ક્ષમા તેજ ધૈર્ય, વીર્ય અને પરાક્રમ છે. ક્ષમા તેજ વ્રત છે. આવી ક્ષમા ઘણા કાળના દિક્ષિત એવા મને લગાર માત્ર ઉત્પન્ન થઇ નથી. આવી રીતે વિવેકનો સમુહ ઉત્પન્ન થવા થકી, પશ્ચાતાપરૂપી અગ્નિવડે કરી કર્મ ઇંધનને ( લાકડાને ) બાળી ભસ્મી ભૂત કરી ચંડરૂદ્રાચાર્ય કેવળજ્ઞાન પામ્યા.

**વિશેષ**—ગ્રંથાંત્તરમાં વિશેષ એટલું છે કે નવીન દિક્ષિતના સ્કંધ ઉપર બેશી રાત્રિમાં ચાલવા લાગ્યા. વિષમ ભૂમિ ઉપર પછડાવાથી આચાર્યને રોષ ચડયો. મસ્તક ઉપર દંડના પ્રહાર કર્યા, આત્મ નિંદા કરતા શિષ્યને કેવળજ્ઞાન થયું. જ્ઞાનવડે કરી દેખવાથી સરલ સિધ્ધે રસ્તે ચાલવાથી શિષ્યના સ્કંધ ઉપર બેઠેલ ચંડરૂદ્રાચાર્યને નિદ્રા આવી ગઇ. સરલ રીતે ચાલતા શિષ્યને ગુરૂએ કહ્યું હવે કેમ સિધ્ધો ચાલે છે ? માર તેજ સાર છે. શિષ્યે કહ્યું કે તમારી કૃપાથી. હવે પ્રભાત થવાથી રૂધિર ખરડેલ મસ્તકને દેખી, ત્થા સિદ્ધિ ભૂમિ ઉપર ચાલવાથી ગુરૂને પશ્ચાતાપ થયો. શિષ્યને સરલ રસ્તે ચાલવાનું કારણ પુછતાં શિષ્યે જ્ઞાન પ્રાપ્તિ કહી. પ્રતિપાતિ કે અપ્રતિપાતિ. શિષ્યે અપ્રતિપાતિ, કહેવાથી ગુરૂ મહારાજ નીચે ઉતરી આત્મનિંદા કરવા લાગ્યા. હા ! હા ! મહા પાપી એવા મેં કેવલીની આશાતના કરી. આવી રીતે આત્મનિંદા કરતા નવીન શિષ્યની ક્ષમાને વખાણતા તે પણ કેવળજ્ઞાન પામ્યા.

એવી રીતે વિતર્ક કરવાથી ચંડરૂદ્રાચાર્યને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. તો જે ભવ્ય પ્રાણી પ્રથમથીજ ક્રોધને ત્યાગ કરી ક્ષમાને અંગીકાર કરે છે તે મુકિત સુખ શીઘ્ર પામે તેને વિષે આશ્ચર્ય નથી.

इति चंद्ररूद्राचार्य त्था तत् शिष्य दृष्टांतः संपूर्ण ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ॐ ॥

# शाल मुबारक.

( મંદા ક્રાન્તા. )

ભ્રાતુ! પ્રાતઃ સમય તમને પૂર્ણ આનંદ અર્પો,
ધીમે ધીમે દિનકર વળી દિવ્ય કાન્તિ સમર્પો;
વૃદ્ધિ થાવા નવિન વરષે જ્ઞાન આત્મિક આદિ,
ઇપ્સિતાર્થો સકલ ફલવા અર્પુ મુબાર્ક બાદી.—૧

( જિજ્ઞાસુ ઉમેદવાર )

# આત્મિક ચતુરંગી અવસ્થાઓ.

જડવાદીઓ વડે પ્રસાર પામેલા અવિદ્યાના અંધકારમાં અત્યંત પ્રવૃત્તિમય થઇ રહેલા જમાનાના વહેણમાં, કાલના પરિક્રમ વડે થયેલી શિથિલતાની પરિસ્થિતિમાં, તેમજ શ્રદ્ધાને અતિક્રમી યુક્તિસિદ્ધ પ્રયોગોની યોજનામાં ' આત્મા ' જેવી અમૂલ્ય વસ્તુ ગુમ થઇ છે, જે અનેક અનુભવો અને સંસ્કારો રૂપ કોદાળીઓથી ખોદવા પછીજ જડી શકે તેમ હોવાથી તે અમૂલ્ય વસ્તુને શોધવાને માટે જે પ્રાણીઓ બેદરકાર બને છે અથવા શોધવાની પ્રગતિ કરતાં વિરમે છે તેઓ પોતાની પાસે જ રહેલા અપ્રતિમ ખજાનાનો ઉપયોગ કરી શકતા નથી અથવા તેનું મૂલ્ય આંકી શકતા નથી એમ કહેવું નિર્વિવાદ સિદ્ધ છે, અને શાસ્ત્ર તે ખુલ્લી રીતે દર્શાવી આપે છે; છતાં પણ સત્શાસ્ત્રો પ્રાણીઓને એવી શીઘ્ર અને સરલપણે જાગૃતિ આપે છે અને પ્રબોધે છે કે ' આત્માની શોધ કરો, તેને બરાબર ઓળખી પ્રશસ્ત માર્ગમાં જોડવા પ્રગતિ કરો, અને એજ તમારા જન્મનું સાર્થકય છે. વસ્તુ સ્થિતિ આ પ્રકારે હોવાથી શાસ્ત્ર વડે થયેલી જાગૃતિ કૃત્રિમ અથવા અકૃત્રિમ અજ્ઞાનાવસ્થાને દૂર કરે છે અને પ્રાણીઓને સન્માર્ગ ભણી વાળે છે.

સત્શાસ્ત્રદ્વારા આત્માના અસ્તિત્વનું ભાન થવા પછી તેનાં અવસ્થાઓનું જ્ઞાન થવું ઉચિત છે; અને તે ન થાય તો અનાદિ મિથ્યાવાસનામાં વાસિત રહેલા આત્માનો કદાપિ ઉદ્ધાર થઇ શકેજ નહિ અને તે ન થાય તો ' નદી ઘોળ પાષાણ ' ન્યાય વડે પ્રાપ્ત થયેલા કષ્ટસાધ્ય મનુષ્ય જન્મની નિરર્થકતા થાય અને પુણ્ય યોગે પ્રાપ્ત થયેલું બુદ્ધિબળ અયોગ્ય માર્ગમાં વહી નિરૂપયોગી થાય; તેટલા માટે આત્માની

For Private And Personal Use Only

અવસ્થા જાણ્યા પછી વિવેકપુરઃસ્સર તે સ્થિતિઓને વિચારી, ઉચિત અવસ્થાને ગ્રહણ કરી–અભ્યાસ કરી–આદરી, અનાદિ કાળથી ગાઢ પરિચિત અનુચિત અવસ્થાને શી રીતે તજવી, તદર્થે તેના હેતુઓ શોધી કાઢી તે ઉપર આત્મસંયમન કરવું એ આત્મ-દ્રવ્ય તેમજ તેની પર્યાય રૂપ અવસ્થાઓ–દશાઓ જાણવાનો ખાસ અંતરંગ હેતુ છે અને તેમાંજ સુજ્ઞ જનોએ આદર કરવો ઉચિત છે.

આત્માને જુદી જુદી કોટિઓમાં ચાર અવસ્થાઓ હોય છે. નિદ્રા, સ્વપ્ન, જાગૃત અને ઉજાગર આ અવસ્થાઓમાં પ્રથમની બે અવસ્થા દરેક આત્માને પરાધીન કરી ગુલામ બનાવે છે અને આત્મસત્તાને દબાવી દેછે; જ્યારે છેલ્લી બે અવસ્થાવડે આત્મા જાગૃત થઇ પોતાની પરાધીન અવસ્થાને ઓળખે છે, તેથી વિર-મવા પ્રયત્ન કરે છે અને પરિણામે વિરમે છે. સૌથી પ્રથમની નિદ્રા દશા આત્માને દર્શનાવરણીય કર્મનો ઉદય છે અને તેના પરાધીનપણામાં આત્મા સ્વશક્તિ ગુમાવી નિદ્રા લેછે. પરંતુ આ નિદ્રા જો કે અલ્પકાલીન હોય છે છતાં તે જેટલો વખત સામ્રાજ્ય કરે છે તેટલો વખત આત્માને શૂન્ય અવસ્થામાં મૂકેછે. કેટલાએકો મનનું 'પુરિતતિ' નાડીમાં વહન થવું તેને નિદ્રા કહે છે પરંતુ જૈનદર્શન આત્માના પરાધીનપણાની અવસ્થાને મુખ્ય કરતાં કહે છે, તે ઉપરથી સિદ્ધ થાય છે કે આત્માની પરતંત્રતાવિશિષ્ટ અવસ્થા શિવાય અન્ય સ્થિતિ નથી. સ્વપ્ન દશા એ વળી નિદ્રાની અંતર્ગત દશા છે. જે નિદ્રાવડે આત્માની શૂન્ય સ્થિતિ બને છે તેવી શૂન્ય સ્થિતિમાં આત્માને વિકલ્પોમાં પ્રેરવો એ સ્વપ્ન દશાનું કર્તવ્ય છે અને તે પણ આત્માની સ્વાધીન મર્યાદાથી વિશિષ્ટ પ્રકારનું ચ્યુતપણુંજ છે. આથી આ ઉભય દશાઓ બાહિર જગત્‌માં આત્માને વશ કરે છે અને અનંત બળયુકત તે દ્રવ્યનો અને તેના ગુણોનો પ્રતિરોધ કરે છે.

આ બંને દશાથી બાહિર જગત્‌માં આત્માની આવી સ્થિતિ બને છે એટલેથીજ વિરામ થતો નથી. પરંતુ આત્માની અંતરંગ પરિસ્થિતિમાં આ બંને દશાઓ અદ્ભુત કામ કરી રહી છે. જ્યાંસુધી ગ્રંથિભેદ કરવાનો સમય આવી પહોંચ્યો નથી, જ્યાંસુધી અપૂર્વ આત્મવીર્ય ઉલ્લસાયમાન થયું નથી, જ્યાંસુધી મિથ્યાત્વ વાસના પ્રત્યેક પ્રદેશોમાં સ્પર્શી રહી છે અને જ્યાંસુધી ક્રોધાદિ કષાયોની તીવ્રતા પ્રબળપણે ઝઝુમતી હોય છે ત્યાંસુધી આત્માના આંતર જગત્‌માં નિદ્રાજ છે અને એ અગોચર નિદ્રામાં જેટલા કુવિકલ્પો, પરિસ્પંદનો, પ્રલોભનો અને આશાઓ ઉદ્ભવી વિલય પામે છે તે નિદ્રામાં અંતર્ભૂત થયેલી સ્વપ્ન દશા છે અને તે આત્માની અંતરંગ ભૂમિકા ઉપર વારંવાર દેખાવ આપતી હોય છે. કેટલાએકો આત્માની બાહિર આરામમાં કંઠમાં રહેલી અગ્રંમુખા નાડીમાં બહુ ર અનુભવેલા પદાર્થો જોવા તેને

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વપ્ન દશા કલ્પે છે; તે ગમે તેમ હોય તેનું અત્ર પ્રયોજન નથી પરંતુ આત્માની પરાધીન અવસ્થા શિવાય કાંઇપણ દૃષ્ટિગોચર થતું નથી એ સર્વને અનુભવ સિદ્ધ છે.

જાગૃત દશા એ જૈનદર્શન જેને સમ્યકત્વ પ્રાપ્તિ અથવા અંતરાત્મ અવસ્થા કહે છે ત્યાંથી શરૂ થાય છે. અહીં આત્મા વિચારે છે કે હું ' શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છું ' જગતરૂપ શાળામાં આવી મનુષ્યને જાણવાનું જે છે તે બીજું કશુંજ નથી, પણ પોતાની આત્મ જાગૃતિ કરી તેમાં અભિન્ન થઇ રહેવું; જ્યાંસુધી મનુષ્યો આ જગત્‌રૂપી શાળામાં આવીને આ જાગૃતિ પ્રાપ્ત નથી કરતા અને તેમાં દ્રઢપણે સ્થિતિ નથી કરતા ત્યાંસુધી આ શાળામાં તેને રહેવું પડે છે, અને વિવિધ નાનાં મોટાં સુખ દુઃખને ભોગવવાં પડે છે. જેઓ આત્માને સાક્ષી તરીકે ગણી અભિન્ન થઇ રહે છે, તેમના ઉપર સુખ દુઃખની સત્તા ચાલી શકતી નથી. ઇંદ્રિયો અને મન વિષયોથી મોહાકુળ થાય અથવા દુઃખ અને વિપત્તિથી વૃત્તિઓ ગમે તેટલી દીન થાય છતાં આત્મ જાગૃતિને પરિણામે આત્મા લેશ પણ દીન થતો નથી, ઉદ્વેગને સેવતો નથી, મનને વિકળ નહીં કરતાં શાંત અને સ્વસ્થપણે સુખ દુઃખનો અનુભવ કરે છે. અહીં આત્માને પોતાની અનાદિ નિષ્પન્ન પરાધીનતાનું યથાર્થ ભાન થાય છે, આત્મ સ્વરૂપને ઓળખે છે, સ્વકર્ત્તવ્ય સન્મુખ થાય છે, ઉન્માર્ગનું સેવન કરતાં કંપે છે, દીનજનો ઉપર કરૂણાથી આર્દ્ર અંતઃકરણવાન્ થાય છે અને શાશ્વત સુખ તરફ અભિલાષાનું પોષણ કરે છે. આ સ્થિતિવાળો પ્રાણી વ્યવહારમાં પણ સાધ્ય દ્રષ્ટિ ચુકતો નથી, અનેક પ્રવૃત્તિઓમાં હોવા છતાં અકાર્યને ઉત્તેજક પ્રવાહમાં ગબડતો નથી તેમજ આત્મહિતમાંજ હમેશાં તૈયાર હોય છે. આ જાગૃત અવસ્થા એ બીજા શબ્દોમાં ' સાધ્ય દ્રષ્ટિ ' છે. આ દ્રષ્ટિ પ્રાપ્ત થવી અને તે બની રહેવી એ ઘણુંજ કઠિન છે; તેમાં આત્મવીર્યની ખાસ આવશ્યક્તા છે.

આ જાગૃત દશા પ્રાપ્ત થવા છતાં પણ પૂર્વોક્ત બંને દશાઓ અલ્પકાલીન સામ્રાજ્ય કરી શકે છે. કેમકે આત્માની બહિરંગ ભૂમિકામાં નિદ્રા એ પ્રમાદ વિશિષ્ટ હોવાથી ષષ્ઠ ગુણ સ્થાનકે રહેલા મુનિવરોને પણ દર્શનાવરણીય કર્મના આશ્રિત પણાને અંગે આધીન થવું પડે છે. પરંતુ સપ્તમ ગુણસ્થાનકથી તે જાગૃત દશા નિરાવરણ બને છે અને ક્રમશઃ વિશુદ્ધતર બનતાં તેરમે ગુણસ્થાનકે ઉજ્જાગર દશાની કોટિ પ્રાપ્ત થાય છે. અત્ર સામાન્ય પ્રાણીઓને જે જાગૃતિ માત્ર આંખને ઉઘાડી રાખવા રૂપે દેખાતી હતી તે હવે જ્ઞાનજાગૃતિ રૂપે પ્રતીત થાય છે. આ જ્ઞાન જાગૃતિ અથવા કેવલજ્ઞાનની પ્રાપ્તિ એ ઉજ્જાગર દશા છે અને તે—

या निशा सर्व भूतानां तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'જ્યારે સર્વ પ્રાકૃત પ્રાણીઓને સુષુપ્તિ હોય છે; ત્યારે જ્ઞાનીજન જાગૃત હોય છે, અને જ્યારે સર્વ પ્રાણીઓ બાહિર્ જગત્‌માં જાગતાં ( શુભાશુભ પ્રવૃત્તિ કરતાં ) દેખાય છે ત્યારે ( પ્રવૃત્તિથી અતીત હોવાને અંગે ) જ્ઞાની જનને પ્રાકૃત પ્રાણીઓની અપેક્ષાએ નિવૃત્તિમય રાત્રિજ છે.''

આ રીતે ઉજ્જાગર દશા, એ જ્ઞાની જનોની જાગૃત અવસ્થા છે. અને તે વિલક્ષણ પ્રકારની હોવાથી શબ્દાંતર વડે પ્રયુક્ત થયેલી છે. આ અવસ્થામાંથી પુનઃ પાછું હઠવું પડતું નથી. આ અવસ્થા તે સદાને માટે શાશ્વત છે. હાલ તો જાગૃત દશા આપણને કેવી રીતે પ્રાપ્ત થાય તેને માટે વર્તમાનકાલીન પ્રયત્ન કરવો આવશ્યકીય ગણી, તેને માટે પ્રધાન ઉદ્યમનું સેવન કરવું અને તે ઉજ્જાગર દશાની અભિલાષાનું સતત પોષણ કરવું એજ જીવનનું કેંદ્ર માની, આપણા જેવા પામર મનુષ્યોને માટે પ્રગતિમય થવું ઉચિત છે.

શા. ફતેચંદ ઝવેરભાઇ.
ભાવનગર.

## અઢાર પાપસ્થાનક ચાલુ.

( અનુસંધાન ગતાંક પૃષ્ટ ૪૭ થી. )

### "બીજું મૃષાવાદ પાપ સ્થાનક."

( રઘુપતિ રામ હૃદયમાં રહેજો રે............એ રાગ. )

બીજું પાપ સ્થાનક મૃષાવાદરે, દુર્ધ્યાન વધે વિખવાદ રે,
અધર્મ વધે ઉન્માદ ભવિજન સત્ય જીવન નહિં ચુકો રે.
કલ્પવૃક્ષે કુવાડો ન મુકો .... .... .... .... ....ભવિજન૦ ॥ ૧ ॥
વધે વેર ખેદ અવિશ્વાસ રે, બહુ જીવને ઉપજે ત્રાસ રે,
થાયે જેહથી દોષ અભ્યાસ; .... .... .... ....ભવિજન૦ ॥ ૨ ॥
વસુનામે જુઓ ભૂપાલ રે, મિશ્રવાણી વદિ વિકરાલ રે,
મૃષાવાદે ગયો રસાતાલ. .... .... .... .... ....ભવિજન૦ ॥ ૩ ॥
એકવાર જુઠા ઠગી જાય રે, બધું સાચ જુઠામાં તણાય રે,
લાંબો કાળ ટકે ન ઉપાય..... .... .... .... ....ભવિજન૦ ॥ ૪ ॥
બહુ વેઠતા આબરૂ જાતા રે, બુરે હાલ દુઃખી બહુ થાતા રે,
થાયે દુનિયામાં ખુબ અથડાતા..... .... .... ....ભવિજન૦ ॥ ૫ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લ્હેણુ દેણ કંકાસને વાદ રે, ખતપત્રો જુઆનીને દાદ રે,
અણા વખતમાં રહિયે આબાદ .... .... .... ....ભવિજન૦ ॥ ૬ ॥
સત્યવાદી ન ભાખે અલિક રે, બોલે કાયમ ઠાવું ઠીક રે,
હરિશ્ચંદ્ર જુઓ સાહસિક.... .... .... .... ....ભવિજન૦ ॥ ૭ ॥
કુડાઆળ કલંક ન દીજે રે, દુર્બુદ્ધિ અનર્થ ન કીજે રે,
સત્ય ' દુર્લભ ' પંથ રહીજે........ .... .... ....ભવિજન૦ ॥ ૮ ॥

લેખક,
દુર્લભજી વિ૦ ગુલાબચંદ મહેતા
વળા.

## દાનવીર રત્નપાળ.

( અનુસંધાન ગતાંક પૃષ્ટ ૫૩ થી શરૂ. )

**રત્નપાળનું સ્વ રાજધાનીમાં આવવું.**

સાચા હૃદયે કરેલ આતિથ્ય કર્મથી સ્વજનોએ ખુશીકરેલો રત્નપાળ વિવાહિત થયા પછી પોતાના સાસરા રાજા વીરસેનના ઘેર કેટલોક વખત રહ્યો હતો. એક વખતે તેણે વિચાર્યું કે "જેમ મોટા તીર્થમાં લાંબો વખત રહેવું યોગ્ય નથી, તેમ મહાન્ પુરૂષોએ લાંબો વખત સાસરાને ઘેર રહેવું યોગ્ય નથી, કારણ કે, તેમ કરવાથી પોતાના મહત્વનો નાશ થાય છે. નીતિમાં લખે છે કે, " સ્ત્રીઓનો પિતાને ઘેર વાસ, પુરૂષોનો સાસરાને ઘેર વાસ અને યતિઓનો એક સ્થળે વાસ લોકોમાં હાસ્યાસ્પદ બને છે. " મહાનુભાવ અને સદ્બુદ્ધિમાન્ રત્નપાળ કુમાર આ પ્રમાણે હૃદયમાં વિચારી પોતાના નગર તરફ જવાને તૈયાર થયો પછી રાજા વીરસેને હાથી, ઘોડા અને મણિ મોતીઓથી સત્કાર કરેલો રત્નપાળ શ્રૃંગારસુંદરી સાથે લઇ મોટા સૈન્ય સહિત પોતાની રાજધાની તરફ ચાલ્યો.

**રત્નપાળનો રાજ્યાભિષેક.**

પોતાનો કુમાર વિવાહિત થઇ આવે છે, એવા ખબર જાણી રાજા વિનયપાળે મોટા ઉત્સવોથી હર્ષ સાથે કુમારને નગર પ્રવેશ કરાવ્યો; પછી રાજકુમારને મહાપરાક્રમી અને મહાન્ ઉત્સાહી જાણી રાજાએ તત્કાળ પોતાના મંત્રીઓ અને સામંતોની સાક્ષીએ રાજ્યાસન ઉપર બેસારી દીધો. કુમારને રાજ્યાસને બેસારી પિતાએ સ્નેહથી પરિણામે હિતકારી એવી આ પ્રમાણે શિખામણ આપી:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કુમાર રત્નપાળને પિતાએ આપેલી શિખામણ.**

વત્સ, હવે તું રાજા થયો છે. આ પૃથ્વીની પ્રજાનો તું પાલક થયો છે. જે દુષ્ટ પુરૂષો હોય તેમને તારે શિક્ષા કરવી અને જેઓ સજજનો હોય તેમનું પાલન કરવું. રાજનીતિમાં રાજાઓને માટે પાંચ યજ્ઞો કરવાના કહેલા છે. ૧ દુષ્ટોને દંડ આપવો, ૨ સજજનોની પૂજા કરવી, ૩ ન્યાયથી ખજાનો વધારવો, ૪ પક્ષપાત રાખવો નહીં અને ૫ દુશ્મનોથી દેશની રક્ષા કરવી. આ પાંચ યજ્ઞો રાજાએ કરવાના છે. હોમ, હવનના યજ્ઞ કરવાના નથી. હે વત્સ, જેઓ વિશ્વાસ કરવા લાયક નથી, તેવાઓનું સર્વ જપ્ત કરી દેશમાંથી કાઢી મુકજે અને જેઓ વિશ્વાસ કરવા લાયક છે, તેમને ઉંચી જાતની સમૃદ્ધિએ પહોચાડજે. મિત્રો, પુત્રો, માતાપિતા અથવા ભાઇઓ રાજ્યના લોભને લઇ પરસ્પર મરાય છે, તેથી રાજ્ય મલિન ગણાય છે, એ વાત ધ્યાનમાં રાખવી. હે વત્સ, 'મિત્ર કે શત્રુનો વિશ્વાસ કરવો નહીં, એ વાકય હૃદયમાં રાખી તું કોઇનો પણ વિશ્વાસ કરીશ નહીં."

**રાજા વિનયપાલે લીધેલી દીક્ષા.**

આ પ્રમાણે પોતાના પુત્ર રત્નપાળને શીખામણ આપી પછી રાજા વિનયપાળના હૃદયમાં વૈરાગ્ય ઉત્પન્ન થઇ આવ્યો, તેથી તેણે જિન ચૈત્યોમાં અઠ્ઠાઇ ઉત્સવ કરાવી અને ગરીબોને દાન આપી જૈન દીક્ષા ગ્રહણ કરી દીક્ષિત થયેલા ધર્મવીર વિનયપાલે દુસ્તપ તપસ્યા કરી સ્વાધ્યાયનું અધ્યયન કરવા માંડયું અને છેવટે શુભધ્યાનમાં આરૂઢ થઇ કાલ ધર્મ પામી તે મહાત્મા સ્વર્ગના સુખના ભાજન થયા હતા.

**રાજા રત્નપાળની રાજ્ય વ્યવસ્થા.**

રાજા રત્નપાળ હવે પાડલીપુત્ર નગરનો સ્વતંત્ર રાજા થયો હતો. તે પ્રતાપી રાજાએ ન્યાયથી પ્રજા પાલન કરવા માંડયું. રાજ્યાસન પર આવ્યા પછી તે સ્વંયવરની રીતે અનેક રાજકન્યાઓને પરણ્યો હતો. તેને રૂપ, સૌભાગ્ય અને લાવણ્યથી સુંદર એવી એક હજાર રાણીઓ થઈ હતી. તેઓમાં શૃંગારસુંદરી મુખ્ય હતી. રત્નપાળ રાજ નીતિને જાણતો હતો, છતાં બીલાડાને જેમ દૂધ સોંપે તેમ જય નામના પોતાના મુખ્ય મંત્રીને રાજ્ય સોંપી પોતે જનાનામાં પંચવિધ કામભોગમાં અતિશય આસક્ત થઇ રહેવા લાગ્યો. અને રમણીઓના મુખના સુધાસાગરમાં ખેલવા લાગ્યો.

**જયમંત્રીની કુબુદ્ધિ.**

રાજા રત્નપાળ જ્યારે કાયમ અંતઃપુરમાં રહેવા લાગ્યો એટલે તેના મંત્રી જયના હૃદયમાં કુવિચાર ઉત્પન્ન થયો. તેણે વિચાર્યું કે "આ ભોગાસક્ત રાજાનો ઉચ્છેદ કરી હું પોતેજ રાજા બની જાઉં. અને હાથમાં આવેલું આ રાજ્ય હવે સ્વાધીન કરી લઉં." આવા વિચારથી જયમંત્રીએ રાજ્યના સર્વ સૈન્યને દાન માન વગેરેથી તાબે કરી દીધું. પછી કોઇ આપ્ત એવા સિદ્ધ પુરૂષ પાસેથી સિદ્ધ વિદ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેળવી તે વડે અવસ્વાપિની નિદ્રા સાધી રાજા ઉપર આરોપિત કરી. તેનાથી રાજા નષ્ટ ચૈતન્ય થઇ પલંગ ઉપર પડી ગયો એટલે જયમંત્રીએ પોતાના ખાસ નોકરોની પાસે તે પલંગ ઉપડાવી કોઇ જંગલમાં મુકાવ્યો. જયમંત્રી ક્રૂર હતો, પણ રાજાનું પૂર્વ પુણ્ય આડું આવવાથી તેને તે મારી શકયો નહીં. અને રાજા જંગલમાં જીવતો રહ્યો.

**મંત્રી જયે કરેલી સતી શ્રૃંગારસુંદરીની કદર્થના.**

મંત્રી જય અનન્ય સામાન્ય એવી રાજ્ય સંપત્તિને પ્રાપ્ત કરી ગર્વિષ્ટ રાજા બની ગયો. ઉન્મત્ત ચિત્તવાળા અને અતિ પાપી એવા જયરાજાએ એક શ્રૃંગારસુંદરી શિવાય રત્નપાળ રાજાની બીજી બધી સ્ત્રીઓના શીળનો ભંગ કરી દીધો. છેવટે કર્મ ચાંડાળ અને અતિ પાપી એવો વિવિધ જાતના ખુશામતના વચનોથી શ્રૃંગારસુંદરીને પણ પ્રતિદિન પ્રાર્થના કરી લોભાવા લાગ્યો. શુદ્ધ વંશમાં ઉત્પન્ન થયેલી અને દ્રઢ હૃદયવાળી સતી શ્રૃંગારસુંદરીએ તેના ખુશામતના વચનો કાને પણ ધર્યા નહીં. આથી જયરાજા અતિ ગુસ્સે થયો. રાગમાં અંધ થયેલો જયરાજા પછી મર્યાદા છોડી સતી શ્રૃંગારસુંદરીના શરીર ઉપર પ્રતિદિન પાંચસો ચાબુકના ઘા મારવા લાગ્યો, તથાપિ શ્રૃંગારસુંદરી પોતાના સતીવ્રતથી ચલિત થઈ નહીં. તે પછી અતિ ક્રૂર હૃદયવાળા તે પાપીએ સરસડાના પુષ્પના જેવા કોમળ અંગવાળી શ્રૃંગારસુંદરીને બળતા સાંણસાથી વારંવાર ચુંટવા માંડી. હઠ પડેલા તે પાપીએ પોતાની ઇષ્ટસિદ્ધિ કરવા માટે સતી શ્રૃંગારસુંદરીને એવી રીતે એક માસ સુધી અનેક જાતની કદર્થના કરી હતી તો પણ પોતાના શીળને પ્રાણથી પણ અધિક માનનારી શ્રૃંગારસુંદરી સદાચારના શુદ્ધ માર્ગમાંથી મનમાં જરા પણ ડગી નહીં.

**પાપી જયરાજાને તેના કુશળ નામના મિત્રે આપેલી શિખામણ.**

રાજા જયમંત્રીને કુશળ નામે એક સારો મિત્ર હતો. તેણે પોતાના મિત્રનું શુભ કરવા માટે પરિણામે હિતકારી એવી નીચે પ્રમાણે શીખામણ આપી.

રાજા, વિચાર કર્ય. સતીનો પ્રભાવ જાણવા જેવો છે. મહા સતી સ્ત્રીઓ પોતાના શુદ્ધ શીળના પ્રભાવથી સમુદ્રમાં સ્થળ કરે છે, અને સ્થળમાં સમુદ્ર કરે છે. અગ્નિનું જલ કરી નાંખે છે અને જલનો અગ્નિ બનાવે છે. મોટા પર્વતનો રાફડો કરી દે છે અને રાફડાનો પર્વત બનાવે છે. મહા સતીઓ દુષ્ટ એવા રાક્ષસો, યક્ષો, ઊરગો અને વ્યાઘ્રોને દમે છે અને આવતા એવા સ્વચક્ર અને પરચક્રને અટકાવે છે. જયરાજા, જો કદિ તે સતીઓ સત્વર શાપ આપે તો રાજાને પણ પુત્ર ભ્રાતૃ સહિત ભસ્મ કરી નાંખે છે. તે ઉપર એક દ્રષ્ટાંત કહું તે સાંભળ:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કુશળ મિત્રે આપેલ એક વિદ્યાધર રાજાનું દ્રષ્ટાંત.**

રત્નપુર નગરમાં **ધનસાર** નામે એક સાર્થવાહ હતો. તેને **ધનશ્રી** નામે એક પ્રિયા હતી, તે રૂપ સૌભાગ્યથી સુશોભિત હતી. એક વખતે ગોખ ઉપર બેઠેલી **ધનશ્રી** કોઇ એક પાપી વિદ્યાધર રાજાના જોવામાં આવી. રાગાંધ થયેલા તે પાપીએ સેંકડો ખુશામતના વચનોથી તેણીને કુબુદ્ધિથી વિનવવા માંડી પણ તે સતીએ તેની પ્રાર્થના જરા પણ સ્વીકારી નહીં, એટલેથી તે પાપી વિદ્યાધર અટકયો નહીં. કામદેવ રૂપ મૂર્છાના વ્યાધિથી મૂઢ થયેલા તેણે પોતાની વિદ્યાના બળથી તેણીનું શીળ નાશ કરવા માટે સદા યત્ન કરવા માંડયો. આથી ગુસ્સે થયેલી સતી ધનશ્રીએ તેને શાપ આપ્યો કે, "અરે પાપી દુરાત્મા, તારા પુત્ર, સાત અંગ સહિત રાજ્ય અને લક્ષ્મીનો ક્ષય થાઓ." આ શ્રાપ સાંભળી વિદ્યાધરે કહ્યું કે, "જે થવાનું હોય તે થાય, પણ અત્યારે તો દિવસ છે, પણ આજ રાત્રિ પડશે ત્યારે જરૂર તારૂં હરણ કરીશ." ધનશ્રી બોલી—"પાપી, તારી ઇચ્છા સફલ નહીં થાય. આ સૂર્ય પણ મારા કહેવાથી જ અસ્ત પામશે." તેણીના આ વચન સાંભળી દુષ્ટ વિદ્યાધર હૃદયમાં એ ઇરાદો રાખી પોતાના નગરમાં ચાલ્યો ગયો. નગરમાં જતાં જ તેનો પુત્ર હૃદયમાં અકસ્માત્ શૂલ આવવાથી મરી ગયો. તેના ઘોડા અને હાથીઓમાં કેટલાક મરી ગયા અને કેટલાએક ચાલ્યા ગયા. ધન, ધાન્ય, મણિ, સુવર્ણ, રૂપું અને સર્વ ધાતુ પાત્રોથી પૂર્ણ એવું તે ઘર વજ્રાગ્નિથી તત્કાળ બળી ગયું. તેજ વખતે મહાન્ પરાક્રમી શત્રુઓ ચતુરંગ સેના સહિત તેની ઉપર અકસ્માત્ ચડી આવ્યા. તેમણે વિદ્યાધર રાજાનો દેશ તથા કિલ્લો વગેરે બધું કબજે કરી લીધું. રાજા ફક્ત કેટલાએક માણસો સાથે એકલો રહ્યો. આ વખતે તેણે અપશોષ કરવા માંડયો. "અરે મારી ઉપર દુઃખ ઉપર નવનવું દુઃખ પડયું." આ પ્રમાણે ખેદ અને વિસ્મયથી તે ચિંતા કરતો હતો, તેવામાં એક વિદ્યાધર સેવકે આવી ખબર આપ્યા કે, "સ્વામી, હું નંદીશ્વર દ્વીપમાંથી આવતો હતો, તેવામાં મારા જાણવામાં આવ્યું કે, રત્નપુર નગરમાં આજે ત્રણ દિવસ થયાં સૂર્ય અસ્ત પામતો નથી. તેથી ત્યાંનો રાજા તેને માટે સર્વ પ્રકારે શાંતિ કરાવે છે." તે સાંભળી રાજા હૃદયમાં આશ્ચર્ય પામી ગયો. તે વખતે તેણે ચિંતવ્યું કે, 'મારા દુરાચારને લઇને એ બન્યું છે. પેલી મહાસતી ધનશ્રીને મેં પાપીએ ગર્વથી કોપિત કરી, એ વિપરીત કર્યું. હવે હું રત્નપુરમાં જઇ તે મહાસતીને ખમાવું, જેથી આ તેણીનો વજ્રાગ્નિ જેવો દુઃસહ શાપ શાંત થાય." આવું વિચારી વિદ્યાધર રાજા રત્નપુરમાં ગયો. અને ત્યાં જઇ પોતાના દુષ્કર્મનો પશ્ચાત્તાપ કરી સતી ધનશ્રીના ચરણમાં પડયો. અને ત્યાંના રાજા અને પુરજનની સમક્ષ સતીની ક્ષમા માગી. તે પછી સતીના કહેવાથી સૂર્ય અસ્ત પામ્યો. પ્રાર્થનાથી પ્રસન્ન કરેલી સતી ધનશ્રીએ તે વિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્યાધર રાજાને પોતાના શ્રાપમાંથી મુક્ત કર્યો. તત્કાળ વિદ્યાધર રાજા અનુક્રમે પોતાના શત્રુઓને જીતી પુનઃ રાજ્યલક્ષ્મીને પ્રાપ્ત થયો.

હે મિત્ર જયરાજા, આ દ્રષ્ટાંત ઉપરથી જાણવાનું કે, મહાસતીઓ ઘણીજ પ્રભાવિક હોય છે; તેથી કુશળ કરવાની ઇચ્છાવાળા પ્રવીણ પુરૂષો તેવી સતીઓને આરાધે છે. પણ તેમની વિરાધના કદિ પણ કરતા નથી.

પોતાના મિત્ર કુશળની આ હિત શિક્ષા સાંભળી જયરાજા શાંત થયો. અને તેણે શ્રૃંગારસુંદરી તરફનું નઠારૂં વર્ત્તન છોડી દીધું.

**શ્રૃંગારસુંદરીની તપસ્યા.**

જ્યારે શ્રૃંગારસુંદરી જયરાજાની વિડંબનાથી મુક્ત થઇ પછી તેણીએ પતિવ્રત સાથે પ્રતિદિન આચામ્લ તપનો આરંભ કર્યો. પોતાના શરીરની દરકાર રાખ્યા વગર આંતરે આંતરે પક્ષમાસોપવાસ વગેરેથી તેણી તીવ્ર તપસ્યા કરવા લાગી. સ્નાન, અંગરાગ, સંસ્કાર, સુંદર વસ્ત્ર અને અલંકારો છોડી તે પૃથ્વી ઉપર સુવા લાગી, અને સદા ત્રિકાળ જિનપૂજા આચરવા લાગી. એક વખતે પતિનો દુઃખકારી વિયોગ અને રાજ્યલક્ષ્મીનો નાશ હૃદયમાં સંભારી તે સતી મરવાને તૈયાર થઇ, તેવામાં કોઇ એક નિમિત્તિઆએ આવી તેણીને કહ્યું કે, "ભદ્રે, તને થોડા વખતમાં તારા પતિનો મેલાપ થશે અને પુનઃ રાજ્યલક્ષ્મી પ્રાપ્ત થશે." આ વચન ઉપરથી તે આશા રાખી જીવતી રહી.

**રાજા રત્નપાળની જંગલમાં શી અવસ્થા થઇ?**

આ તરફ રત્નપાળ જંગલમાં અવસ્વાપિની નિદ્રામાંથી જાગ્રત થયો, ત્યાં તેણે એક ભયંકર જંગલ જોયું. તે જંગલમાં કોઇ પણ મનુષ્યનો સંચાર ન હતો. વિવિધ જાતના વૃક્ષોથી તે ગહન હતું. અને તેમાં અનેક શીકારી પ્રાણીઓ ફરતા હતા. તે જોતાંજ રત્નપાળ ચિંતવવા લાગ્યો. "શું હું આ સ્વપ્ન જોઉં છું કે શું? આ ઇંદ્રજાળ હશે? અથવા મને કોઇ બુદ્ધિનો વ્યામોહ તો નહીં થયો હોય? સ્વર્ગની જેમ વિવિધ મંગળ વાદ્યો અને બંદીજનોના શબ્દોથી મનોહર તથા સર્વ ઇંદ્રિયોને સુખ આપનાર મારો આવાસ ક્યાં? અને કાગડા, ઘુવડ અને રીંછના મોટા કોલાહલથી આકુળવ્યાકુળ એવું અને યમરાજના સ્થાનની જેમ ભયંકર એવું આ સ્થાન ક્યાં? મને લાગે છે કે, મારા દુષ્ટ જયમંત્રીએ રાજ્યના લોભથી મારા જેવા વિશ્વાસીને આવા દુઃખના મહાસાગરમાં પાડી દીધો. તેણે વિશ્વાસથી ઉત્સંગમાં સૂતેલા એવા મારૂં ગળું મરડી નાંખ્યું અને મને મોટા ખાડામાં ઉતારી દોર ત્રોડી નાંખ્યો. દાન અને સન્માનથી સત્કાર કરેલા અને પરંપરાથી ચાલ્યા આવતા મારા રાજ્યભક્ત વફાદાર પ્રધાન પુરૂષોને તેણે પોતાને સ્વાધીન શી રીતે કર્યા હશે? હમેશાં મોઢે માગ્યા દ્રવ્યથી સંતોષ પમાડેલા મારા અંગરક્ષક-હજુરી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓને તેણે શી રીતે ખુટવ્યા હશે ? અથવા સર્વ લોકો સંપત્તિમાં આવેલા પુરૂષને અનુસરે છે, પણ જ્યારે આપત્તિ આવે છે, ત્યારે સંબંધીઓ પણ શત્રુ થઇ જાય છે. તે ઉપર નીતિકાર દાખલા સાથે સમજાવે છે કે, જેમ ચંદ્રને રાત્રે તારાઓ પસંદ કરે છે અને દિવસે તેના કિરણો પણ તેને છોડી દે છે, તેમ સંપત્તિમાં પર જન પણ પોતાના થાય છે અને વિપત્તિમાં પોતાનો માણસ પણ પર જન બની જાય છે. અથવા એમનો શો દોષ કાઢવો ? જે પુરૂષ ભાગ્યથી ભ્રષ્ટ થાય છે, તે તેના સેવકો વફાદાર-ભક્ત હોય તો પણ શું કરી શકે ? સૂર્યાદિ પદાર્થો તેજસ્વી છે, પણ અંધને શું કરી શકે ? માણસને પૂર્વ કર્મના અનુભવથી સંપત્તિઓ અને વિપત્તિઓ પોતાની મેળેજ પ્રાપ્ત થાય છે, બીજાથી થતી નથી. સુખ દુઃખનો દાતા કોઇ થઇ શકતો નથી. 'બીજાથી સુખ દુઃખ થાય છે,' એમ કહેવું એ કુબુદ્ધિ છે. પૂર્વે કરેલું કર્મ જ ભોગવવું પડે છે. તેને માટે શાસ્ત્રો જીવને પ્રતિબોધ આપે છે કે, "હે જીવ, કોઇ પણ જંતુને કોઇ સુખ દુઃખનો કર્ત્તા કે હર્ત્તા થઇ શકતો નથી, પૂર્વે કરેલ કર્મ જ ભોગવવું પડે છે." એવો વિચાર કરજે. વળી ચિંતવજે કે, આ વખતે હું દુર્ભાગ્ય યોગે આવી નઠારી દશા ભોગવું છું પણ પાછળથી જ્યારે કર્મની અનુકૂળતા થશે ત્યારે મને સર્વ સારૂં થશે. વૃક્ષ છેદવામાં આવે તો પણ પાછું ઉગે છે અને ચંદ્ર ક્ષીણ થાય છે, છતાં પાછો વધે છે; આ પ્રમાણે વિચાર કરનારા સજ્જનોને આપત્તિમાં પણ પરિતાપ થતો નથી. પૂર્વ કર્મને યોગે સુખ અને દુઃખ આવી પડે તો પણ તેવા સત્ત્વધારી માણસના મુખની છબી સરખી જ દેખાય છે. તેને માટે નીતિ સાહિત્ય લખે છે કે, "ઉત્સવ અને વ્યસન-દુઃખમાં સમર્થ એવો વિધિ મહાન્ પુરૂષને વિક્રિયા કરી શકતો નથી. જુવોને સૂર્ય જેવા વર્ણનો ઉદય પામે છે, તેવા વર્ણનો થઇ અસ્ત પણ થાય છે." આ પ્રમાણે વિચાર કરતો રત્નપાળ રાજા પોતાના પલંગ ઉપરથી બેઠો થઇ ગયો.

**અપૂર્ણ.**

# જીવદયાની એક ઉત્તમ યોજના.

## ઢોરોનું રક્ષણ.

### કેટલ ફાર્મની યોજના.

### તેની ઉપજ ખર્ચ—અને હિસાબ. ચોખ્ખો નફો સેંકડે ટકા ૨૫.

**મે. સાહેબ—**

વિ. કે જામે જમશેદ, સાંજ વર્તમાન, અખબારે સોદાગર, ગુજરાતી પંચ વિગેરે જાણીતાં વર્તમાન પત્રોમાં મારો તા૦ ૧૧-૮-૧૩ નો "આપણા દેશમાં ચોખ્ખું દુધ તથા ઘી મેળવવાની એક યોજના" ના મથાળા વાળો એક આર્ટીકલ પ્રસિદ્ધ થયેલો છે. તે ઉપરથી જામે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જમશેદના તા. ૨૦-૮-૧૩ ના અંકમાં મી૦ ઓજસ નામની સંજ્ઞાવાળા એક ગૃહસ્થે તેના ઉપર લંબાણથી વિવેચન કરેલું છે. તથા મારા આ આર્ટીકલ માટે દરેક રીતે અનુમોદન આપેલું છે, તે માટે તે ગૃહસ્થોનો હું ઉપકૃત થયો છું. તે ઉપરાંત આ આર્ટીકલે કેટલાએક વાંચનારાઓ ઉપર એટલી બધી અસર કરી છે કે તેમાંના અમુક ગૃહસ્થોએ આ બાબત મારા સાથે પત્ર વ્યવહાર શરૂ કર્યો છે તે ઉપરથી તેઓ આ યોજના હાથ ઉપર ધરી તેના ફાયદાઓનો લાભ લેવા તૈયાર થઇ ગયા હોય એવું જણાય છે. ખરેખર આવી રીતે કેટલ ફાર્મ કાઢી જાનવરોને બચાવવા માટે તથા તેની ઓલાદ સુધારવા માટે પ્રયત્ન કરવામાં આવે તો તેથી જાનવરોનું રક્ષણ થવાથી આપણી ખેતીવાડીને ઘણો ફાયદો થાય તેમજ ઘી, દહીં, દુધ, આદિ ભેળસેળવાળા પદાર્થો મલે છે, તે પદાર્થોના ઉપયોગથી આપણી તંદુરસ્તિને જે સહન કરવુ પડે છે તેમાંથી બચવાને આપણે પણ તક મેળવી શકીએ તેમાં જરા પણ શક નથી. તેથી જો શ્રીમંત ગૃહસ્થો આ સવાલ ઉપયોગનો જાણી તેના ઉપર વિચાર ચલાવી કેટલ ફાર્મ ઉઘાડવાની યોજના હાથ ધરશે તો તેથી તેઓ મ્હોટો નફો મેળવી શકશે ઉપરાંત હજારો જાનવરોનું રક્ષણ કરી શકશે તેમાં જરા પણ શક નથી. આપણા લોક પ્રીય અને ઉમદા વીચારના નામદાર ગવર્નર સાહેબ બહાદુર લૉર્ડ વેલીંગડન સાહેબના પ્રમુખ પણા નીચે પુના ખાતે ભરાયલી ખેતીવાડીની કોન્ફરન્સની તા. ૧૫-૯-૧૩ની મીટીંગમાં પણ આ વિષય ઉપર તેમાં ભાગ લેનારા વિદ્વાન સભ્યોએ આ સવાલ અગત્યનો ગણ્યો છે અને નામદાર દયાળુ ગવર્નર સાહેબે પણ ભેળસેળવાળાં દુધો વીગેરે મળવાનાં મુખ્ય બે કારણોમાંનું એક મુખ્ય કારણ જાનવરોની થતી કતલને આભારી હોવાનો પોતાનો અભિપ્રાય આપી તે કતલ બંધ કરવા માટે આવા ઉપયોગી ખાતાઓ ઉઘાડવા માટે તે નામદારે ભલામણ કરી છે, કે જેનો અમલ તે નામદાર ગણેશખીંડ ખાતે બતાવી લોકોને જાનવરોની ઓલાદ સુધારવા તથા તેના રક્ષણ કરવાથી થતા ફાયદાઓ practical રીતે દર્શાવી આપવા તે નામદાર દયાળુ નરવીરે કમર કસી છે, અને તે નામદારના વિચારોનો દેશી રાજાઓ પણ અમલ કરે તો દેશની આબાદાનીમાં ઘણો વધારો થાય કારણ કે આ વિષય ઉપર ચર્ચા કરતાં પોતાની એડીટોરીયલ નોંધમાં સાંજ વર્તમાન પોતાના તા. ૧૭-૮-૧૩ના અંકમાં ઢોરોને બચાવવા માટે ભાર દઇને જનસમાજને ભલામણ કરે છે, અને કસાઇની ક્રૂર છરીથી ઉછરતી ઓલાદનો કચડઘાણ નીકળી જાય છે અને તેથી ભવિષ્યમાં ઢોરોની અછત જણાય છે તેથી સાવચેત રહેવા તથા તેવાં નિર્દોષ જાનવરો, તથા વાછરડાંઓ અને નહાનાં પાડાંઓના લોહીની નદી વહેતી બંધ કરવા માટે પગલાંઓ ભરવા સાંજ વર્તમાનના દયાળુ એડીટર સાહેબે આપણું લક્ષ ખેંચ્યું છે કે જેના ઉપર વિચાર કરી તેનો અમલ કરવાની ખાસ જરૂર છે. જાનવરોના રક્ષણનો સવાલ બાજુ ઉપર મુકી માત્ર પોતાના સ્વાર્થ અને પોતાના દેશની આબાદી ખાતરજ આ સવાલ દરેક હિંદીવાસીએ હાથ ધરવો એ ડહાપણ ભરેલું ગણાશે તેમાં જરાપણ શક નથી.

મ્હોટા પાયા ઉપર જો આવું ફાર્મ ઉઘાડવું હોય તો શરૂઆતમાં ૧૦૦૦ ભેંસો ખરીદવી જોઇએ કે જેની દરેકની રૂા. ૧૦૦) સો પ્રમાણે કીંમત ગણતાં રૂ. ૧૦૦૦૦૦) થાય અને તે ઉપરાંત રૂ. ૫૦૦૦૦) બીજા પ્રાથમીક ખર્ચના જોઇએ તેથી કુલ રૂ. ૧૫૦૦૦૦) ની થાપણથી શરૂઆતમાં આવું ફાર્મ ઉઘાડવું હોય તો તેથી નીચે પ્રમાણે ઉપજમાંથી ખર્ચ બાદ જતાં સેંકડે ટકા ૨૫)નો ચોખ્ખો અને દેખીતો નફો થવા પામે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરૂઆતની થાપણ ( Capital) રૂ. ૧૫૦૦૦૦) ની રકમમાંથી નીચેના અડસટા (Estimate) પ્રમાણે તેનો ઉપયોગ થઈ શકે.

| | |
|---|---|
| ૧૦૦૦૦૦ | ભેંસો ૧૦૦૦ ની ખરીદી દરેકની કીંમત રૂ. ૧૦૦) પ્રમાણે. |
| ૨૦૦૦૦ | ભેંસો માટે ૫૦૦ વીઘાં જમીન લેવી પડે તેના. |
| ૫૦૦૦ | પાડા ૫૦ ની ખરીદીના દરેકના રૂા. ૧૦૦) પ્રમાણે |
| ૧૦૦૦૦ | છાપરાં વીગેરે બાંધવાના ખર્ચના. |
| ૩૦૦૦ | પરચુરણ સામાન વીગેરે ખર્ચના. |
| ૧૨૦૦૦ | મોસમમાં માલ, ઘાસ, વીગેરે ખરીદવા બદલ થાપણના (Reserve Fund) |
| ૧૫૦૦૦૦ | |

એ રકમમાંથી જે ઉપજ તથા ખર્ચ થાય તેની માહીતી મેળવવા વાંચનાર ગ્રહસ્થોને હું નીચેના હીસાબનો અડસટો (Estimate) વાંચવા વીનંતિ કરૂં છું.

| ઉપજ જ | | ખર્ચ ઉ | |
|---|---|---|---|
| ૧૦૦૦૦) | પાડા તથા પાડીઓની ઉપજના | ૧૦૦૦) | દર વરસે ભેંસોને ચરવા માટે બીડના |
| ૫૦૦) | ભામના ચામડાંના | ૫૦૦) | બીડના વેરા વીગેરે ખર્ચના |
| ૨૦૦૦) | ઉપરની જમીનની પેદાશના | ૧૦૮૦૦) | ભેંસોને સુકું તથા લીલું ઘાસ દીવસના |
| ૧૨૦૦૦૦) | દુધ, ઘી, ઇત્યાદી દર ૫૦૦ ઢોર દીઠ રૂ. ૧) પ્રમાણે | ૪૦૦૦) | ઘાસ રતલ ૧૦ પ્રમાણે રાતના |
| | | ૪૫૦૦૦) | અનાજ ખોળ વીગેરેના |
| ૫૬૨૫) | ખાતર દરેક જાનવરો દીઠ પૈ ત્રણ પ્રમાણે | ૩૦૦૦) | વીહાય ત્યારે ગોળ વીગેરેના |
| | | ૫૦૦૦) | મરણની નુકશાનીના સેંકડે ટકા ૫ પ્રમાણે |
| ૧૮૭૫) | પરચુરણ ઉપજ તથા Reserve Fund નું વ્યાજ | ૯૦૦૦) | નોકર ૫૦ ને દર માસે રૂ. ૧૫ પ્રમાણે માસ ૧૨ ના |
| | | ૧૦૦૦) | મહેતા વીગેરે તથા ડેડસ્ટોક |
| ૧૪૦૦૦૦ | કુલ ઉપજ. | ૯૦૦૦) | થાપણ (Capital) રૂ. ૧૫૦૦૦૦નું વ્યાજના |
| ૧૦૨૦૦૦ | ખર્ચ બાદ. | | |
| ૦૩૮૦૦૦ | નફો. | ૭૦૦) | અણધાર્યા ખર્ચના |
| | | ૮૦૦૦) | પાડાના ખર્ચના |
| | | ૫૦૦) | કન્ટીજન્ટ ખર્ચના |
| | | ૫૦૦) | વાસણો સુધારવા તથા રીપેર ખર્ચના |
| | | ૧૨૦૦) | વેટરીનરી સર્જન તથા કમ્પાઉન્ડર અને ડ્રેસરના પગારના |
| | | ૨૮૦૦) | દવાદારૂ ખર્ચના |
| | | ૧૦૨૦૦૦ | |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરૂઆતમાં એ રીતે રૂ. ૧૫૦૦૦૦) ની થાપણ ઉપર આપણે રૂ. ૩૮૦૦૦) નો નફો મેળવી શકીએ અને બીજે વર્ષે જ્યારે ઢોરો લેવાની જરૂર ન પડે તેમજ બીજાં ઢોરો વેચાય તેની ઉપજ થવા લાગે તેથી દર વર્ષે ઉપજમાં વધારો થાય તેમાં પણ શક નથી. વળી આ જે આંકડો અત્રે રજુ કરવામાં આવ્યો તે તમામ બહુજ વધારેમાં વધારે પ્રમાણમાં હિસાબ રજુ કરીને મુકવામાં આવ્યો છે. જેથી ૧૫૦૦૦૦ ની થાપણ ઉપર ૪૦૦૦૦) રૂપીઆનો વાર્ષીક નફો થવાનો દેખીતી રીતે સંભવ છે. વળી કાઠીઆવાડમાં ગીર, પ્રદેશ કે જેણે દુષ્કાળના છેલ્લા વર્ષમાં મુંબઇ ઇલાકાને ઘાસ પુરૂં પાડેલું છે તે દેશમાં જો આવું ફાર્મ ખોલવામાં આવ્યું હોય તો ઘાસચારો અને પાણી તથા નોકર માણસો બહુજ સસ્તા મળે અને રૂ. ૪૫૦૦૦ થી ૫૦૦૦૦નો નફો થાય કારણ કે ગીરમાં ઘાસચારો અને પાણી પુષ્કળ મળે છે. ગુજરાતમાં વડોદરા, ડાકોર, ધરમપુર, વાંસદા વીગેરે સ્થળે પણ ઘાસની પૂરી છુટ છે.

જેવી રીતે નામદાર ગવર્નર લૉર્ડ વેલીંગડન સાહેબ બહાદુરે આ અગત્યની યોજના હાથ ધરેલી છે તેવી રીતે પોત પોતાના રાજ્યની આબાદી માટે દરેક કેળવાયલા રાજ્ય કર્તાઓએ પણ આ સવાલ અગત્યનો ગણી પોતાના રાજ્ય તરફથી આવાં કૅટલ ફાર્મ ઉઘાડવાની ખાસ જરૂર છે. મારા આસી. મેનેજર રા. રા. છગનલાલ વિ. પરમાનંદદાસ નાણાવટી કે જેઓ બે વર્ષ ઉપર સ્વ. જુનાગઢમાં ડીસ્ટ્રીકટ વેટરીનરી ઓફીસર તરીકે કામ કરતા હતા તેઓના કહેવા ઉપરથી જણાય છે કે સ્વ. જુનાગઢના નામદાર એડમીનીસ્ટ્રેટર બહાદુર મી૦ એચ૦ ડી૦ રેન્ડોલ સાહેબે પણ આવું ખાતું જુનાગઢ રાજ્યમાં ખોલ્યું હતું કે જેના ઉપર દેખરેખ રાખવા માટે એક વેટરીનરી સર્જનને ખાસ બહાલ કરવામાં આવ્યા હતા. મતલબ એ રીતે તે રાજ્યમાં કૅટલ કૅમ્પની યોજના છેલ્લા બે ત્રણ વર્ષથી શરૂ થઈ છે તેવીજ રીતે બીજાં દેશી રાજ્યો તેમજ શ્રીમંત ગૃહસ્થોની મોટી યોજનાથી માંડી એક સાધારણ ગૃહસ્થની થોડી મુડીના વેપારમાં પણ ઘણો ફાયદો થાય તે કોઇ પણ રીતે અવાસ્તવિક નથી. મતલબ આ દેખીતા નફાવાળા વેપારનો લાભ દેશના જુદા જુદા શહેરોથી માંડી નાહાનાં ગામડાંવાળાઓએ પણ લેવો જોઇએ.

છેવટે ખેતીવાડીની ખીલવણી અર્થે તેમજ ભેળસેળ વાળાં દુધ, ઘી, થી તંદુરસ્તિ બગડવા જે ભય છે તેમાંથી દેશના વતનીઓને બચાવી લેવા અર્થે અને ગરીબ બીચારાં નિર્દોષ અને નિરાધાર ઉપકારી પ્રાણીઓના રક્ષણ અર્થે દયાળુ રાજ્યકર્તાઓ, શ્રીમંત શેઠીઆઓ અને સાધારણ સ્થિતિવાળા ગૃહસ્થો આ વાત ધ્યાનમાં લઇ તેનો અમલ કરવામાં પાછીપાની ભરશે નહિ, એવી આશા સાથે આ નિબંધ સમાપ્ત કરવા રજા લઉં છું.

૩૦૯ શ્રોફ બજાર, મુંબઇ નં૦ ૨
શ્રી જીવદયા જ્ઞાનપ્રચારક ફંડ
તા૦ ૧-૧૦-૧૩

લલ્લુભાઈ ગુલાબચંદ ઝવેરી.
ઓન. મેનેજર.
શ્રી જીવદયા જ્ઞાન પ્રચારક ફંડ—મુંબઈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જીવદયા જ્ઞાનપ્રસારક ફંડના પ્રયાસનું શુભ પરીણામ.

## કડી પ્રાંતના સુબા સાહેબે પ્રસિદ્ધ કરેલો હુકમ.

### હજારો જાનવરોને તેથી મળેલાં જીવતદાન.

ઉકતફંડના સ્થાપક તથા જીવદયાના જાણીતા હીમાયતી રા. રા. લાભશંકર લક્ષ્મીદાસ જુનાગઢવાળા ઉપર મહેસાણાના એક વકીલ રા. રા. વેણીલાલ હરીદાસ નાણાવટી બી. એ. એલ. એલ. બી. એ એક પત્ર લખેલો તેમાં મહેસાણા તથા તેની આસપાસના ગામોમાં નવરાત્રીના પવીત્ર દીવસોમાં ઠાકરડાઓ પાડાનો વધ કરે છે તે વીષે હકીકત જણાવેલી હતી. તે ઉપરથી રા. રા. લાભશંકરે "સ્વર્ગના ઉમેદવાર ઠાકરડાઓને અરજ" એ મથાળાવાળું એક હેંડબીલ છપાવી તેની એક નકલ મને મોકલતાં મને તે ઉપયોગી લાગવાથી તેની ૧,૦૦૦) નકલો છપાવી તેમાંથી દરેક પત્રોને તેની એકેકી નકલ રવાના કરવામાં આવી છે. અને તે ઉપરાંત તે ઠાકરડાઓને ઉપદેશ આપવા માટે તથા નામદાર ગાયકવાડ સરકાર જેવા કેળવાયેલા રાજ્યકર્તાના રાજ્યમાં આવી રીતે અજ્ઞાનપણે લોકો ધર્મને નામે જાનવરોના લોહીની નદી વહેવરાવે તે બંધ કરવા સાટે ત્યાંના મેં૦ સુબા સાહેબ હજુર અરજ કરવા માટે આ ફંડના ઉપદેશક રા૦ રા૦ ભગવત પ્રસાદ વી૦ ભુપતરાય વૈષ્ણવને મોકલવામાં આવ્યા હતા, તેઓએ કડી પ્રાંતના સુબા સાહેબ મે૦ રા. બા. ગોવીંદભાઇ હાથીભાઈ દેસાઇના પ્રમુખપણા નીચે મહેસાણામાં એક ગંજાવર જાહેર સભામાં અસરકારક ભાષણ આપ્યું હતું કે જેને મે૦ પ્રમુખ સાહેબે દરેક રીતે અનુમોદન આપ્યું હતું અને શ્રી જીવદયા જ્ઞાનપ્રસારક ફંડના કારોબાર માટે સંતોષ બતાવ્યો હતો. તે ઉપરાંત પોતે દયાળુ વૃત્તિથી આકર્ષાઇને **કડી પ્રાંતમાં કોઇએ નવરાત્રીમાં પાડા, બકરાં અથવા કોઇપણ જાનવરોની હીંસા કરવી નહી એવો લેખીત હુકમ બહાર પાડયો છે. અને આવતી નવરાત્રીમાં તથા દશેરાને દીવસે કોઈ પણ માણસ ધર્મને નામે કોઇપણ જાનવરની હીંસા ન કરે તે બાબત સાવચેતી રાખવાના હુકમો તેઓ સાહેબે કડી પ્રાંત કે જેના તાબામાં આશરે ૧૩૦૦) ગામો છે ત્યાંના પોલીસ અમલદારો તરફ મોકલાવી આપ્યા છે. આ હુકમ પસાર થવાથી જો દરેક ગામમાંથી નવરાત્રીનાં ૧૦ મહોટાં જાનવરો ગણીએ તોપણ ૧,૩૦૦ ગામોમાંથી ઓછામાં ઓછા ૧૩,૦૦૦ મહોટાં જાનવરો બચવાને પામ્યાં છે.** એ કાંઇ ઓછું પ્રશંસનીય નથી. આ સ્તુતીપાત્ર કાર્યથી મે૦ રા૦ બા. ગોવીંદભાઇ હાથીભાઇ દેસાઇએ હજારો નીર્દોષ જાનવરોની હીંસા બંધ કર્યાથી તેઓ સાહેબે હજારો જીવોને જીવતદાન આપ્યાનું પુણ્ય હાંસીલ કર્યું છે, અને તેનો બદલો પરમકૃપાળુ પરમાત્મા તેઓને આપે તથા આવા દયાળુ ઠરાવો પસાર કરવા માટે હજી આથી પણ ચઢીઆતા ઓદ્ધા ઉપર તેઓ ચઢી તેઓના હાથે હંમેશાં પરોપકારનાં કાર્યો થાય તથા આવા દયાળુ અમલદારનો દાખલો લઇને નામ૦ બ્રીટીશ ગવર્નમેન્ટ તથા દેશી રાજ્યના અમલદારો આવા પરોપકારી હુકમો બહાર પાડવામાં ઉત્સાહી બને **અને આવાં ઉત્તમ કાર્યોને આગળ વધારવા માટે તથા જીવદયાની હીલચાલ દેશમાં સર્વત્ર ફેલાવવા માટે**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ફંડને શ્રીમંત ગ્રહસ્થો તથા બ્હેનો આર્થીક મદદ કરે અને તેનેપરીણામે હજારો બલ્કે લાખો નીર્દોષ જાનવરોનાં લોહીની નદી વહેતી બંધ થાય તથા દેશમાં સર્વત્ર શાંતી પ્રસરે એવી પરમાત્માં પ્રત્યે માહરી નમ્ર પ્રાર્થના છે.

શ્રી જીવદયા જ્ઞાનપ્રસારક ફંડ
૩૦૯ સરાફ બજાર—મુંબઇ નં૦ ૨
૧—ઓકટોબર ૧૯૧૩.

સેવક,
**લલ્લુભાઇ ગુલાબચંદ ઝવેરી.**
ઓનરરી મેનેજર.

# सूक्तरत्नावली माटे ओक विद्वान गृहस्थनो अभिप्राय.

આ લઘુ કાવ્યગ્રંથ મહાત્મા **શ્રીવિજયસેનસૂરિ**નો રચેલો છે. આ ગ્રંથ કર્ત્તા અકબર બાદશાહના વખતમાં થયેલા હતા. તેમની વિદ્વત્તાથી પ્રસન્ન થયેલા બાદશાહે તેમને **જગદ્ગુરૂ**ની પદવી આપી હતી. આ લઘુ કાવ્યમાં પાંચસોને અગીયાર સુભાષિતોનો સંગ્રહ છે. તેની અંદર ગ્રંથકારે મનોજ્ઞ દૃષ્ટાંતો આપી વ્યવહાર નીતિનો ઉત્તમ બોધ આપેલો છે. તેના વિવિધ સૂક્તરત્નોની શ્રેણીમાં લાલિત્ય યુક્ત કાવ્ય માધુર્ય દર્શાવેલું છે. પ્રત્યેક સુભાષિતમાં ચમત્કૃતિ રૂપ રમણીય દૃષ્ટાંતો આપી રસમાધુર્ય વધારેલું છે—કાવ્ય પદ્ધતિ સરલ છે, છતાં તેને શબ્દ શોભાથી વિભૂષિત બનાવેલી છે. કાવ્ય રચના હિતોપદેશ તથા પંચતંત્રને મલતી છે, છતાં શબ્દ અને અર્થનું ગૌરવ તેનાથી ચડીઆતું છે. આ ગ્રંથમાં પ્રતિભા અને સત્ય ઉભયને અનુસરીને ગ્રંથકારે સુબોધક દૃષ્ટાંતો આપી વ્યવહાર નીતિરૂપ લતાને સારી રીતે ખીલાવી છે. સહૃદયના હૃદયને આનંદ ઉપજાવનારી કાવ્યરીતિ પસંદ કરી ગ્રંથકારે નીતિના ચાતુર્યનો અપ્રતિમ અને ઉપયોગી બોધ આપેલો છે. કેટલાએક સુભાષિતો તો એવા મધુર છે કે, જેમાંથી વાચકનું હૃદય આનંદમય મૃદુતાવાળો ઉપદેશ સત્વર ગ્રહણ કરી લે છે.

આ લઘુ ગ્રંથ પ્રત્યેક અભ્યાસીએ અને સાહિત્યના ઉપાસકે આદિથી અંતસુધી વાંચવા જેવો છે. જેઓ ઇંગ્રેજી વિદ્યા સાથે સંસ્કૃત ભાષાના અભ્યાસીઓ છે, તેમને તો આ ગ્રંથ ઘણોજ ઉપયોગી છે વરિષ્ટ વિશ્વવિદ્યાલય ( યુનીવર્સીટી ) ના વિદ્વાનો, અને હાઇસ્કુલોના વરિષ્ટ શિક્ષકો જો આ લઘુગ્રંથને આદર આપે તો તેથી સંસ્કૃત અભ્યાસીઓને ઘણો લાભ થયા વિના રહેશે નહીં. તે શિવાય જેઓ કાવ્યકુસુમની મનોહર વાટિકામાં વિહાર કરનારા કવિઓ છે, તેમને તેમની પ્રતિભાના પ્રભાવને વધારનારો આ લઘુગ્રંથ અતિ ઉપયોગી થઇ પડશે અને જેઓ જાહેર સભાઓમાં વક્તા તરીકે આગળ પડવા ઇચ્છનારા છે, તેમને પણ આ મનોરંજક ગ્રંથ સહાયકારક થઇ પડશે.

આ ગ્રંથના માધુર્યની વર્ણિકા જણાવવાને માટે નીચેના બે પદ્યો આપેલા છે, તે વાંચવાથી વાચકોને વિશેષ ખાત્રી થશેઃ—

**निर्मलानां सुवृत्तानां संगः प्रोच्चैः पदप्रदः ।**
**मौक्तिकैर्मिलिताः स्त्रीणां हृदि तिष्ठंति तंतवः ॥ १२८ ॥**

"જેઓ નિર્મલ અને સુવૃત્ત ( સારા આચરણવાળા ) હોય તેમનો સંગ ઉચ્ચ પદને આપનારો થાય છે. સૂત્રના તંતુઓ મોતીઓની સાથે મળવાથી સ્ત્રીઓના હૃદય ઉપર હારરૂપે ચડી બેસે છે. ( મોતીના દાણાં પણ નિર્મલ અને સુવૃત્ત—સારીરીતે ગોળાકાર હોય છે. ) ૧૨૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



हित्वा बलं कुलं शीलं पक्ष लक्ष्मी मुपास्महे ।
फलं तरुस्थं सत्पक्षः काकोऽत्ति नच केशरी ॥ १३० ॥

"બલ, કુલ અને શીળનો ત્યાગ કરી અમે પક્ષની લક્ષ્મીની ઉપાસના કરીએ છીએ, એટલે કોઇનો પક્ષ લેવાની ઇચ્છા રાખીએ છીએ. કારણ કે, પક્ષ (પાંખો) વાળો કાગડો વૃક્ષ ઉપર રહેલું ફળ ખાઇ શકે છે અને કેશરીસિંહ બલવાન છતાં તે ખાઇ શકતો નથી.૧૩૦

# વિવિધ સદુપદેશ.

## (સંગ્રાહક-દિલખુશ જી૦ શાહ, મણેકપુરવાળા, પાલીતાણા.)

ગતાંક પૃષ્ટ ૫૮ થી ચાલુ.

૧૦ સરલતા એજ ધર્મ કહેવાય છે, અને કપટ એ અધર્મ કહેવાય છે, સરલતા રાખનારો મનુષ્યજ ધર્મમાં જોડાય છે.

૧૧ કોટી સોનામહોર વડે પણ કયાંય ક્ષણમાત્ર આયુષ્ય મળતું નથી, માટે તે જો સર્વ ફોગટ જાય તો તેથી અધિક હાનિ બીજી શી છે !

૧૨. "કામ, ક્રોધ, દંભ લોભ તથા કપટને વશ કરવા, એજ ધર્મ" એ પ્રમાણે જાણીને જેઓ ધર્મ સેવે છે તેઓનેજ ઉત્તમ લોકોએ જ્ઞાની માનેલા છે.

૧૩, કોઇ તારી તરફ નિર્દયતાથી વર્તે તો પણ તેનો બદલો નિર્દતાથી આપતો નહિ, પણ શ્રાપને બદલે આશિર્વાદ દેજે.

૧૪ સજ્જન મનુષ્યોએ સત્ય, કોમળ તથા પ્રિય લાગે તેવાં વચનો હમેશાં બોલવાની ટેવ પાડવી.

૧૫ જ્ઞાની મહાત્માઓ અજ્ઞાની મનુષ્યોને હાથ પકડીને જોરાવરીથી ધર્મ કરાવી શકે નહીં પરંતુ તેઓના અમુલ્ય સદુપદેશથીજ લોકો પોતાની મેળે ધર્મમાં પ્રવર્તે છે.

૧૬. મનુષ્યોને શુભ અને અશુભ એ બંને પોતાનાં કર્મોને અનુસરીને પ્રાપ્ત થાયછે.

૧૭. અહિંસા, ઇંદ્રિયોનો નિરોધ, અને રાગ-દ્વેષના ક્ષયથી મનુષ્યો પૂજનિકપણાને પામી સદ્ગતિમાં જાય છે.

૧૮ હે બન્ધુઓ ? નદીઓના જોસબંધ પ્રવાહમાં વહી જતું પાણી જેમ પાછું આવતું નથી તેમ રાત્રી અને દિવસના સાથે વહીજતું આ તમારૂં આયુષ્ય પણ પાછું આવવાનું નથી માટે કલ્પવૃક્ષ એવા આ **જૈન** ધર્મનુ ઉત્તમ પ્રકારે સેવન કરો.

૧૯ નિરંતર મન તથા ઇંદ્રિયોને નિયમમાં રાખનાર મનુષ્યો કલેશને પ્રાપ્ત થતાનથી.

૨૦ જે કાર્ય કલ્યાણકારી હોય તે આજેજ શરૂ કરો ! પરંતુ સમયનો વાટ જોશો નહિં નહિતર કાળના ઝપાટામાં સપડાઇ પડશો

૧ વિદ્યા, ધન, અને કુટુંબ એ ત્રણે પ્રકારના મદો દુષ્ટ પુરૂષોનેજ ગર્વ ઉપજાવનારા છે, પરંતુ ઉત્તમ પુરૂષોને તો શાંતિ આપનારા થાય છે.

૨૨ જો તમને શુભ ગતિમાં જવાની અભિલાષા થતી હોય તો કિંપાકના ફળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાન વિષ જેવા વિષય-ભોગોને તજી દઇ ક્ષમા, સરલતા, તથા સત્ય ધર્મને રૂડી રીતે ગ્રહણ કરો.

૨૩ અયોગ્ય કૃત્યો કીધા પછી પસ્તાવો થાય છે છતાં પણ મનુષ્યો ફરીને તેવાં કાર્યો કરવા દોરાય છે તે કેટલી મુર્ખ મનુષ્યોની મૂઢતા !

૨૪ આપણાં દુષ્ટ તથા બેદરકારીના કામો દેવા રૂપ છે અને તે દેવું મોડું વહેલું દુઃખદ સ્થિતિમાં પણ અવશ્ય આપવુંજ પડશે.

૨૫ જે મનુષ્ય ઉત્તમ એવો આ મનુષ્યભવ પામીને પરોપકારનાં કાર્યો કરવા ઉદ્યમ કરે છે તથા સદ્ગુરૂ સેવન અને **જૈન ધર્મ** રૂડી રીતે આરાધે છે. તેનેજ ધન્ય છે. ( અપૂર્ણ. )

---

# વર્તમાન સમાચાર.

## ન્યાયી બ્રીટીશ સરકારનો એક ઉત્તમ ઠરાવ.

**જૈનકોમના પવિત્ર તીર્થ આબુજી સંબંધી ખુશ ખબર**—જૈનકોમના પ્રાચીન પવિત્ર તીર્થ શ્રી આબુજી ( દેલવાર ટેમ્પલસ)નું નિરીક્ષણ કરવાને આવતા યુરોપીયન વિઝીટરો છેલ્લાં કેટલાંક વર્ષ થયાં તે પવિત્ર તિર્થની અંદરના કેટલાક ભાગમાં બુટ સાથે દાખલ થતા, જેથી કરીને જૈનકોમની અત્યંત લાગણી દુઃખાતી હતી. આ સંબંધમાં તાકીદથી ઉપાય લેવાને અને યોગ્ય બંદોબસ્ત કરવાને શ્રી જૈનશ્વેતાંબર-કોન્ફરન્સ ઓફીસ તરફથી રજપુતાનાના મે. એજંટ ટુ ધી ગવર્નર જનરલ સર કોલ્વીન સાહેબ સાથે બે વર્ષ થયાં પત્રવ્યવહાર ચાલુ હતો, જેના પરિણામમાં ગઇ પરમ દિને તેઓ નામદાર તરફથી આબુના માજીસ્ટ્રેટ સાહેબે શ્રી. જૈન. શ્વે. કોન્ફરન્સ ઓફીસને જણાવ્યું છે. કે " યુરોપીયન વિઝીટરો ચામડાનાં બુટ બદલી તેને બદલે કેનવાસનાં સ્લીપર પહેરીને દાખલ થવાની બહાલી ગવર્નમેન્ટ ઓફ ઇન્ડીયા આપે છે " આ ખબર સાંભળી જૈનબંધુઓની લાગણી દુઃખાતી બંધ થઇ છે.

---

**ઉપધાનની ક્રિયા**—હાલમાં મુંબઇ ખાતે **મુનિશ્રી વલ્લભવિજયજી** આદિ ૧૭ સાધુઓનું ચોમાસું હોવાથી આ શુભ પ્રસંગનો લાભ લઇ કેટલાક ભાઇ તથા બાઇઓની ઉપધાન કરવાની ઇચ્છા હોવાથી મહારાજને પ્રાર્થના, કરી આશો વદ ૫ સોમવારનું મુહુર્ત નક્કી કરાવેલ છે. જે કોઇ પાંચમના રોજ લાભ નહિ લઇ શકે તેમને સાતમને બુધવાર પણ પ્રવેશ કરાવવામાં આવશે. ઉપધાનની સર્વ ક્રિયા—પાંત્રીસું અઠાવીસું વગેરેની ક્રિયા ઝવેરી ઉત્તમચંદ મુળચંદના તરફથી કરાવવાનું શરૂ થયેલ છે. ——:૦:——

**પ્રતિમાજી નિકળ્યાં**—જુનાગઢ સ્ટેટ હોસ્પીટલનું હાલનું મકાન પાડી નાંખી તેજ સ્થળે સારા પાયાપર બીલ્ડીંગ બાંધવાનું કામ શરૂ કરતાં ત્યાં પાયો ખોદતાં શ્રી**નેમનાથજી પ્રભુજીની પ્રતિમા** અઢી ફુટ ઉંચા સંવત. ૧૯૬૯ ના આશો સુદ ૭ ને સોમવારે નીકળ્યા છે. પ્રતીમાજી અલૌકીક તથા દેખાવમાં ભવ્ય મૂર્તિ છે. સદરહુ પ્રતીમાજી બે દીવસ સુધી સ્ટેટના કબજામાં એલાયદી રાખવામાં આવી હતી અને એડમીનીસ્ટ્રેટર સાહેબની તપાસ થયા પછી અત્રેના સંઘની વિનંતીથી સદરહુ પ્રતીમાજી જૈનશ્વેતાંબર સંઘને સોંપવાની રજા આપી હતી. અને સુદ ૯ ને રોજ સવારના હોસ્પીટલથી પખાલ પૂજા કરીને ધામધુમથી વાજતાં ગાજતાં મોટા દેરાસરજીમાં હાલ પરોણા દાખલ પધરાવવામાં આવેલ છે.

---

For Private And Personal Use Only